સુવિચાર

કોઈપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેનાં ગુણ અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




લોધીકા તાલુકાના ખીરસરા ગામે ખનીજ માફીયાઓ બન્યા બેફામ P-4

Year-16, Issue-160 ■ DATE : 15-10-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પાકિસ્તાન અને તાલિબાન સૈન્ય વચ્ચે ભયાનક જંગ

## ૬૦ કલાકની શાંતિ બાદ ફરી બન્ને દેશો વચ્ચે તણાવઃ સરહદ પર રાતભર અફઘાન સૈન્યનો ગોળીબારઃ પાકિસ્તાને ટેંકો પર છોડી મિસાઈલ



**મુખ્ય સમાચાર, કાબુલ**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન પર શાસન કરતા તાલિબાન વચ્ચેનો સરહદી સંઘર્ષ હજુ પૂરો થયો નથી તેવું લાગે છે. મંગળવારે રાત્રે ખૈબર પખ્તુનખ્વાના કુર્રમ જિલ્લામાં બંને દેશોની સરહદ પર પાકિસ્તાની સુરક્ષા દળો અને અફઘાન તાલિબાન વચ્ચે ફરી ભીષણ યુદ્ધ શરૂ થયું. પાકિસ્તાનના રાજ્ય -સારણકર્તા, પીટીવી ન્યૂઝ અનુસાર, અફઘાન તાલિબાન અને ફિત્ના અલ-ખ્વારીજે કુર્રમમાં ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો. પાકિસ્તાની સેનાએ સંપૂર્ણ તાકાત અને તીવ્રતાથી જવાબ આપ્યો.

ફિત્ના અલ-ખ્વારીજે પાકિસ્તાની અધિકારીઓ દ્વારા પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના આતંકવાદીઓનો ઉલ્લેખ કરવા માટે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. પાકિસ્તાને દાવો કર્યો છે કે હુમલામાં અફઘાન તાલિબાન ચોકીઓને ભારે નુકસાન થયું છે, જેમાં ઓછામાં ઓછી એક ટેન્ક નાશ પામી છે. તે એવો પણ દાવો કરે છે કે ગોળીબાર પછી તાલિબાન લડવૈયાઓ તેમની જગ્યાઓ છોડીને ભાગી ગયા છે.

પ્રસારણકર્તાના અનુગામી અપડેટમાં જણાવાયું છે કે કુર્રમ સેક્ટરમાં બીજી અફઘાન તાલિબાન ચોકી અને ટેન્ક પોઝિશન નાશ પામી છે. ત્યારબાદ, શમસદર ચોકી પર ચોથી ટેન્ક પોઝિશનને નુકસાન થયાના અહેવાલો સામે આવ્યા છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં ફિત્ના અલ-ખ્વારીજનો એક મુખ્ય કમાન્ડર માર્યો ગયો હતો.

આજે વહેલી સવારે, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વિદેશ સચિવ રાજદૂત અમ્ના બલોચે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર તાજેતરના વિકાસ વિશે ઈસ્લામાબાદમાં સ્થાનિક રાજદૂતોને વ્યાપક બ્રીફિંગ આપી હતી. તેમણે પાકિસ્તાનની કાયદેસર સુરક્ષા ચિંતાઓ અને તેની પ્રાદેશિક અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરવાના તેના અવિશ્વસનીય સંકલ્પ પર ભાર મૂક્યો હતો, નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

પાકિસ્તાની સૈન્યના જણાવ્યા અનુસાર, અફઘાન તાલિબાન દળોએ કથિત રીતે કોઈપણ કારણ વગર પાકિસ્તાની સરહદી ચોકીઓ પર હુમલો કર્યો હતો, જેમાં સપ્તાહના અંતે ૨૩ સૈનિકો માર્યા ગયા હતા. પાકિસ્તાનનો દાવો છે કે તેણે હુમલાનો જવાબ આપ્યો હતો અને ૨૦૦ થી વધુ તાલિબાન અને સંલગ્ન આતંકવાદીઓને મારી નાખ્યા હતા.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષ ગઈકાલે ભારતીય સમય મુજબ સાંજે ૭૩૦ વાગ્યે ૬૦ કલાકના વિરામ પછી ફરી શરૂ થયો. અહેવાલો દર્શાવે છે કે બંને દેશોની સેનાઓ વચ્ચે ગોળીબાર થયો હતો, અને પાકિસ્તાને છ અફઘાન ચોકીઓને નિશાન બનાવી હતી અને તોપમારો, ટેન્ક વિરોધી મિસાઈલો અને ડ્રોનથી ટેન્કો તૈનાત કરી હતી. તાલિબાન સંલગ્ન મીડિયા દ્વારા અફઘાનિસ્તાનથી પાકિસ્તાની ચોકી પર ડ્રોન હુમલાનો વીડિયો પણ બહાર પાડવામાં આવ્યો હતો.

પાકિસ્તાની સેનાએ ભારતીય સમય મુજબ સાંજે ૭:૪૭ વાગ્યે પક્તિકા-કુર્રમ સરહદ પર અફઘાન સૈન્ય ચોકી પર તોપમારો કરીને અફઘાનિસ્તાન પર પોતાનો પહેલો હુમલો શરૂ કર્યો હતો. બીજા હુમલામાં, પાકિસ્તાની સેનાએ પક્તિકા-કુર્રમ સરહદ પર અફઘાન ચોકીને પણ નિશાન બનાવ્યું હતું. ત્યારબાદ, રાત્રે ૧૧ વાગ્યે, પાકિસ્તાની સેનાએ પક્તિકા-કુર્રમ સરહદ પર ત્રીજી અફઘાન સૈન્ય ચોકી પર હુમલો કર્યો, જેનાથી આ વિસ્તારમાંથી ધુમાડો નીકળ્યો.

આ પછી, પાકિસ્તાની સેનાએ અફઘાન સેના પર ડ્રોન હુમલા શરૂ કર્યા, જેમાં પહેલા પક્તિકામાં ફરતા અફઘાન સેનાના ટેન્કને નિશાન બનાવવામાં આવ્યું, ત્યારબાદ અન્ય સરહદો પર સ્થિત પાકિસ્તાની ટેન્કો પર ડ્રોન હુમલા કરવામાં આવ્યા. પાકિસ્તાની સેના દ્વારા પાકિસ્તાની મીડિયા સાથે શેર કરાયેલા એક ફોટામાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની સેનાએ નંગરહાર-ખૈબર સરહદ પર ટેકરીની ટોચ પર સ્થિત શમશાદ પોસ્ટ પર ટેન્કો પર એન્ટી ટેન્ક મિસાઈલોથી હુમલો કર્યો.

૬૦ કલાકની શાંતિ પછી, ફરીથી યુદ્ધ ફાટી નીકળ્યું! પાકિસ્તાને ટેન્કો પર મિસાઈલો ફાયર કરી, અફઘાનિસ્તાને પણ પાકિસ્તાની ચોકીઓ પર ડ્રોન હુમલો કર્યો

આ પછી, પાકિસ્તાની સેનાએ ખોશ્ત-ખોશ્ત ગુલામ ખાન-ઉત્તર વઝીરિસ્તાન મીરાંશાહ સરહદ પર સ્થિત અફઘાન સેનાની નરેસગર પોસ્ટ પર હુમલો કરવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કર્યો, જેમાં ત્યાં એક સ્થિર ટેન્કને નિશાન બનાવવામાં આવી. દરમિયાન, અફઘાન તાલિબાનની અલ-મિરસાદ ચેનલે અફઘાન સેનાનો પાકિસ્તાની ચોકીનો નાશ કરતો ડ્રોન વીડિયો શેર કર્યો.

# રાજસ્થાનમાં જેસલમેરથી જોધપુર જઈ રહેલી બસમાં અચાનક આગ લાગતા ૨૦ લોકો ભડથું થયા

**મુખ્ય સમાચાર, જેસલમેર**

રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં મંગળવારે બપોરે એક મોટો અકસ્માત થયો હતો. જેસલમેરથી જોધપુર જઈ રહેલી એક બસમાં અચાનક આગ લાગી ગઈ, જેમાં ૨૦થી વધુ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

પોકરણના ભાજપના ધારાસભ્યે અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોતની પુષ્ટી કરી છે. આ અકસ્માત બપોરે ૩:૩૦ વાગ્યે જેસલમેરથી લગભગ ૨૦ કિલોમીટર દૂર થૈયત ગામ પાસે થયો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બસ બપોરે ૩ વાગ્યે જેસલમેરથી ૫૦થી વધુ મુસાફરો સાથે રવાના થઈ હતી. થૈયત ગામ પાર કરતા જ પાછળના ભાગમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો અને



થોડીવારમાં જ આખી બસ આગની લપેટમાં આવી ગઈ. મુસાફરો ચીસો પાડવા લાગ્યા. ઘણા લોકો બારીઓ અને દરવાજાઓમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

ગામવાસીઓ અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમણે નજીકના પાણીના સ્ત્રોતોમાંથી પાણી અને રેતીનો ઉપયોગ કરીને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન, માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને આગ પર કાબૂ મેળવવામાં લગભગ એક કલાક લાગ્યો હતો.

સ્થાનિકો અને પોલીસની મદદથી ઘાયલોને ત્રણ એમ્બ્યુલન્સમાં જેસલમેરની જવાહર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગંભીર રીતે દાઝી ગયેલા લોકોને પ્રાથમિક સારવાર બાદ જોધપુર રિફર કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેસલમેરની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું હતું કે, આ મુશ્કેલ સમયમાં મારી સંવેદનાઓ પીડિત લોકો અને તેમના પરિવારો સાથે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ની સહાય કરાશે.

# ગુજરાતના રાજકારણમાં ગરમાવોઃ નવા મંત્રીમંડળનું કાઉન્ટડાઉન શરૂ

## સૌરાષ્ટ્રના પાંચ ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન મળવાની શકયતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહાર વિધાનસભાની ચૂંટણી વચ્ચે દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાને સોમવારે મોડી રાત સુધી ચાલેલી મેરેથોન બેઠક બાદ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ (જગદીશ વિશ્વકર્મા) અને મહામંત્રી રત્નાકરની આ બેઠકમાં નવા મંત્રીમંડળની રચના અને ગુજરાત પ્રદેશ માળખાને નવો ઓપ આપવા અંગે ચર્ચા થઈ હતી. આ બેઠક બાદ ગુજરાતના નવા મંત્રીમંડળના શપથગ્રહણનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. હવે ગમે તે ઘડીએ પાટનગર ગાંધીનગરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે, જેના પગલે કોની વિદાય થશે અને કોની મંત્રીપદે એન્ટ્રી થશે તે અંગે રાજકીય અટકળોએ જોર પકડ્યું છે.

સૂત્રોના મતે, વડાપ્રધાન નિવાસસ્થાને યોજાયેલી બેઠક બાદ મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ અને રત્નાકરે દિલ્હીમાં રોકાણ કર્યું હતું. આના કારણે




મુખ્યમંત્રીનો કૃષિ મહોત્સવનો કાર્યક્રમ પણ રદ કરાયો હતો. ચર્ચા મુજબ, નવા મંત્રીમંડળમાં અંદાજે ૨૦ થી ૨૨ સભ્યો હશે. જેમાંથી પાંચેક મંત્રીઓ યથાવત રહેશે, પરંતુ તેમના ખાતા બદલાઈ શકે છે. જોકે, દસેક વર્તમાન મંત્રીઓની હકાલપટ્ટી થવાના સંકેતો મળી રહ્યા છે.

વર્તમાન ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને કેબિનેટનો દરજ્જો મળી શકે છે. યુવા અને અનુભવી ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બંન્ને અમદાવાદના હોવાથી નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું રાજકીય કદ વધે તેવી શક્યતા છે, જ્યારે સુરત-દક્ષિણ ગુજરાતનો દબદબો ઘટી શકે છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રના પાંચેક ધારાસભ્યને સ્થાન મળે તો નવાઈ નહીં. ઉત્તર ગુજરાતમાંથી પણ બે-ત્રણ નેતાઓને મંત્રીપદની લોટરી લાગી શકે છે.

ઝોનવાઈઝ ઉપરાંત સામાજિક-જ્ઞાતિ આધારે મંત્રીઓની પસંદગી કરવામાં આવશે. મંત્રીમંડળમાં લેઉઆ-કડવા પાટીદારને પ્રાધાન્ય મળશે. સાથે સાથે ઓબીસી, કોળી અને આદિવાસી નેતાઓનું પણ મહત્ત્વ જળવાશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં કડવા-લેઉવા, ક્ષત્રિય-કોળી, દક્ષિણ ગુજરાતમાં આદિવાસી, ઉત્તર ગુજરાતમાં ઓબીસી અને મધ્ય ગુજરાતમાં સવર્ણને તક આપવાની ગણતરી છે.

નવા મંત્રીમંડળમાં બે મહિલા ધારાસભ્યને તક મળી શકે છે. જેમાં રિવાબા જાડેજા, દર્શના દેશમુખ અને સંગીતા પાટીલના નામ ચર્ચામાં છે. આ ઉપરાંત, કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા બે પક્ષપલટુ નેતા અર્જૂન મોઢવાડિયા અને અલ્પેશ ઠાકોરનો પણ મંત્રીમંડળમાં સમાવેશ થઈ શકે છે.

હાઈકમાન્ડે ઘણાં નવા અને યુવા ચહેરાઓને તક આપવાનું મન બનાવ્યું છે. પાટીદારોને સાચવવાની ગણતરી સાથે જયેશ રાદડિયાને પુન મંત્રીપદ મળી શકે છે, જ્યારે જીતુ વાઘાણીની પણ મંત્રીમંડળમાં રિ-એન્ટ્રીની અટકળો છે.

મંત્રીમંડળનું વિસ્તરણ દિવાળી પહેલા થાય તો નવા મંત્રીઓ તહેવારો પહેલા જ નવી ભૂમિકામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એકાદ-બે દિવસમાં રાજ્યપાલ ભવનમાં કેબિનેટનું વિસ્તરણ અને શપથગ્રહણ યોજાય તેવી પ્રબળ સંભાવના છે.

# સોના-ચાંદીમાં તેજીના કારણે એમસીએક્સ દ્વારા માર્જીનમાં કરાયો ધરખમ વધારો




**મુખ્ય સમાચાર, મુંબઈ**

સોના-ચાંદીના ભાવો નવા-નવા ઉંચા સ્તરે પહોંચી રહ્યા છે. સાથોસાથ વેપાર-કારોબારમાં જોખમ પણ વધી ગયુ છે. તેને ધ્યાને રાખીને કોમોડીટી એકસચેંજ એમસીએકસ દ્વારા માર્જીનમાં ધરખમ વધારો જાહેર કરવામાં આવ્યો છે.

એમસીએકસમાં ચાંદીના માર્જીનમાં ૧.૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ ચાંદીના ઉંચા ભાવ તથા અછતની સ્થિતિને ધ્યાને રાખીને અનેક મ્યુચ્યુઅલ ફંડોએ સિલ્વર ઈટીએફ ફંડમાં નાણાં લેવાનું નવા સબસ્ક્રીપ્શન સ્વીકારવાનું બંધ કરી દીધુ છે.આ કદમ ઉઠાવ્યું છે અત્યાર સુધીમાં આ પાંચમું ફંડ બન્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાંદીના ભાવમાં રોકેટ ગતિની તેજી છે અને ફીઝીકલ માલની તીવ્ર અછત છે. વાયદા અને હાજરનો ભાવ તફાવત અસામાન્ય સ્તરે પહોંચી ગયો છે. એકાદ સપ્તાહથી વેપારીઓએ ચાંદીના બુકીંગ-ઓર્ડર લેવાનું પણ બંધ કરી દીધુ હતુ, જોકે એક વર્ગ એવુ માને છે કે દિવાળી પછી સ્થિતિ થાળે પડવા લાગશે અને સપ્લાયની પરિસ્થિતિ નોર્મલ થઈ જશે.

# દિલ્હીમાં ગ્રીન ફટાકડાં ફોડવાની મંજૂરીઃ સુપ્રીમનો મહત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં આ દિવાળીએ માત્ર ગ્રીન ફટકાડાં જ ફોડી શકાશે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, દિવાળીના બે દિવસ પહેલાં અને દિવાળી બાદ ૧૮થી ૨૧ ઓક્ટોબર સુધી માત્ર સવારે છથી સાત વાગ્યાથી અને રાત્રે આઠથી ૧૦ વાગ્યા સુધી ગ્રીન ફટાકડાં ફોડી શકાશે.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય પર્યાવરણની સુરક્ષા અને વસ્તીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતાં લેવામાં આવ્યો છે. ફટાકડાંના કારણે લોકોને ગંભીર નુકસાન થઈ રહ્યુ હોવાના અહેવાલોના પગલે સુપ્રીમ કોર્ટે તહેવારોના અધિકારમાં સંતુલન જાળવી રાખ્યું છે. અર્જુન ગોપાલની અરજી, ચીફ જસ્ટિસ બીઆર ગવઈની કોર્ટમાં ન્યાય મિત્ર દ્વારા ઉઠાવવામાં આવેલી ગંભીર ચિંતાઓ અને ફટાકડાંની તસ્કરીના મામલાને ધ્યાનમાં રાખતાં આ આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, છેલ્લા છ વર્ષમાં ગ્રીન ફટાકડાંની ગુણવત્તામાં સુધારો થયો છે. ૨૦૨૪માં જીએનસીટીડીએ ફટાકડાં પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો. પરંતુ હવે દિલ્હી અને કેન્દ્ર સરકારે પ્રતિબંધ હળવા કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેના પગલે NEERI પ્રમાણિત ગ્રીન ફટાકડાંના વેચાણ અને ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે. આ ફટાકડાં પર QR કોડ અનિવાર્ય રહેશે અને અન્ય ફટાકડાંનો ઉપયોગ માટે મંજૂરી નથી. નિયમોના ઉલ્લંઘન કરનારાઓ પર આકરી કાર્યવાહી હાથ ધરાશે.

# પેટ્રોલ અને ડિઝલ આગામી વર્ષથી જીએસટી હેઠળ આવરી લેવાશેઃ સરકારે કવાયત આરંભી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં તા.૨૨ સપ્ટેમ્બરથી જીએસટીના દરમાં વ્યાપક ઘટાડા બાદ હાલ દિપાવલીના તહેવારોની ખરીદી અને જીએસટી ઘટાડાની અસર બન્ને રંગ લાવી રહી છે અને ઓટોથી લઈ કિરાના સર્વત્ર ખરીદીની ધુમ છે છતા પણ દર ઘટાડાની વાસ્તવિક અસર દિપાવલી બાદ જાન્યુ-ફેબ્રુઆરી માસ પછી જ જોવા મળશે અને તેથી હાલ જીએસટીની આવક વિ. પર સરકારની નજર છે.

આગામી વર્ષે જો જીએસટી આવકમાં રાજય તથા કેન્દ્ર સરકારને સંતોષ થાય તો હવે એક સૌથી મોટા સુધારામાં પેટ્રોલીયમ પેદાશોને પણ આગામી એપ્રિલ માસ બાદ જીએસટીમાં સામેલ કરાશે. સરકાર હવે જીએસટી સ્લેબ કે દરો સાથે કોઈ




ફેરફાર કરવા માંગતી નથી.

આગામી ૨ વર્ષ કે તેથી વધુ સમય તે યથાવત રખાશે અને તેની સાથે પેટ્રોલીયમ પેદાશોને જીએસટીમાં સમાવવાનો જે એજન્ડા છે તે પણ સરકાર પુરો કરવા માંગે છે. સૂત્રોના જણાવ્યા મુજબ જે ૪૦ ટકાનો સર્વોચ્ચ સ્લેબ જે અલ્ટ્રા લકઝરી તથા શરાબ-સિગારેટ વિ. પર લાદવાનો છે તેમાં પણ સરકાર મોનેટરીંગ કરી રહી છે અને તેમાં વિમાની ઈંધણને પ્રથમ સમાવાશે જે કુલ ટેક્ષ કલેકશનમાં ફકત ૧.૫%નો હીસ્સો ધરાવે છે. સરકારની કુલ જીએસટી આવક આ નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં ૧૦.૩૮ લાખ કરોડ થઈ છે અને હવે ઓકટો-નવે-ડિસેમ્બરના ડેટા પર નજર છે.

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આજે રાજકોટમાં

## નવનિયુકત પ્રદેશ પ્રમુખને આવકારવા રાજકોટ શહેર અને જિલ્લા ભાજપમાં અનેરો ઉત્સાહઃ સાંજે ૬:૩૦ કલાકે રેસકોર્ષ ખાતે પક્ષના કાર્યકર્તા તેમજ જાહેર જનતાને સંબોધન કરશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના નવ નિયુક્ત પ્રમુખ જગદીશ વિશ્વકર્મા આજે સાંજે ૫ વાગ્યે રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે જેને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે પ્રદેશ પ્રમુખને આવકારવા માટે એક જંગી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ શહેર જિલ્લા અને મોરબી જિલ્લાના ભાજપના નેતાઓ કાર્યકર્તાઓ અને આગેવનો ઉપસ્થિત રહેવાના છે. ભાજપ દ્વારા ૨૦,૦૦૦થી જનમેદની એકઠી કરવા લક્ષ્યાંક સાથે આજે તમામ તૈયારીઓ પૂર્ણ કરી ચૂકેલ છે. ઠેર ઠેર પ્રદેશ પ્રમુખને આવકારતા હોર્ડિંગ્સ અને બેનર પણ જોવા મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જગદીશ વિશ્વકર્મા પ્રમુખ બનતાની સાથે ભાજપમાં ફરી જુના જોગીઓ એક્ટિવ થયા છે અને આગામી સમયમાં પ્રમુખની ગુજરાત ભ્રમણ યાત્રા પૂર્ણ થયા બાદ સંગઠન માળખામાં ફેરફાર થયે પોતાનો વારો આવશે તેવી આશાએ સૌ કોઈ સાઈડમાં બેઠેલા એક્ટિવ જોવા મળી રહ્યા છે.

જગદીશ વિશ્વકર્મા ખાસ વિમાન મારફત રાજકોટ હિરાસર એરપોર્ટ પહોંચશે જયાં રાજકોટ મહાનગર-જિલ્લા તથા મોરબી જિલ્લા ભાજપના આગેવાનો સ્વાગત કરશે બાદમાં એરપોર્ટથી ગ્રીનલેન્ડ ચોક સુધી રાજકોટ-મોરબી જિલ્લાના કાર્યકર્તાઓ કાર-રેલીથી પ્રદેશ પ્રમુખનું નેતૃત્વ કરશે અને આ રેલી ગ્રીનલેન્ડ ચોક પહોંચ્યા બાદ રાજકોટ શહેર યુવા ભાજપ દ્વારા ૧૦૦૦ જેટલા બાઈક સાથે પ્રદેશ પ્રમુખને આવકારી તેઓને બાઈક રેલીના આગેવાનીમાં રેસકોર્ષ સુધી લઈ આવશે જ્યાંથી સીધા સભા સ્થળે પહોંચશે.

રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રદેશ પ્રમુખને આવકાર આપવા માટે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે અને તેમાં ૨૦ હજારથી વધુ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહે તેવી શકયતા સેવાઈ રહી છે. સૌ પ્રથમ જગદીશ વિશ્વકર્મા હિરાસર એરપોર્ટ પહોંચશે. આ પછી ત્યાંથી ગ્રીનલેન્ડ ચોકડીએ રાજકોટ શહેરના કાર્યકરો અને આગેવાનો દ્વારા સ્વાગત કરી આવકારવામાં આવશે. રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે સાંજે ૫:૩૦ વાગ્યાથી સભા યોજવામાં આવનાર છે. પ્રદેશ પ્રમુખ તરીકે તેઓ પ્રથમ વખત રાજકોટ આવી રહ્યા છે અને તેમના સત્કાર માટે રાજકોટ શહેર જિલ્લા અને મોરબી જિલ્લાના કાર્યકરો ઉપસ્થિત રહેશે. નવ નિયુક્ત પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા કોઈ બુકે કે ફૂલ ભેંટ સ્વીકારવામાં આવતા નથી અને તેના સ્થાને તેઓ ચોપડા અને બૂક સ્વીકાર કરે છે જે પછી આ ભેંટ તેઓ જે તે જિલ્લાના બાળકોને આપવા માટે જ નિર્ણય કર્યો છે.

# તામિલનાડુ સરકારે રાજયમાં હિન્દીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાની તૈયારી કરી

**મુખ્ય સમાચાર, ચૈન્નઈ**

દેશમાં ખાસ કરીને દક્ષિણ ભારત-માં હિન્દી ભાષા સામે સતત વિરોધ વચ્ચે તામિલનાડુ સરકારે રાજયમાં હિન્દીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાની તૈયારી કરી છે જેમાં હિન્દીમાં હોર્ડીંગ કે અન્ય પ્રકારે માહિતી પ્રદર્શિત કરી શકાશે નહી. એટલું જ નહી હિન્દી ફિલ્મો અને હિન્દી ફિલ્મોના ગીતો પર પણ પ્રતિબંધની તૈયારી છે. વિધાનસભાના અંતિમ દિવસે આ અંગેનો એક ખરડો રજુ કરવામાં આવશે. જો કે તે મુદે કાનૂની લડાઈ સર્જાવાની શકયતા છે. હજુ આ વર્ષે રાજયના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને એવું કહ્યું કે જો કેન્દ્ર સરકાર અમારા પર હિન્દી લાદવા માંગતી ન હોય કે થોપી બેસાડવા પ્રયત્ન કરતી ન હોય તો અમે હિન્દીનો વિરોધ કરશુ નહી પરંતુ કેન્દ્ર સરકારનો ઈરાદો જોતા અમારે પ્રતિબંધ મુકવા સિવાય કોઈ વિકલ્પ નહી રહે. કેન્દ્ર સરકારે ત્રણ ભાષાની ફોર્મ્યુલા અપનાવી છે તેમાં હિન્દીનો સમાવેશ થાય છે જયારે તામિલનાડુમાં બે ભાષાની ફોર્મ્યુલા એટલે એક સ્થાનીક તથા બીજી ઈંગ્લીશ એમ બે ભાષા જ સ્વીકાર્ય બની છે. શાળાના શિક્ષણમાં પણ બે ભાષાની ફોર્મ્યુલા અપનાવાઈ છે જયારે કેન્દ્રની ત્રણ ભાષાની ફોર્મ્યુલાને તામિલનાડુ સરકારે દક્ષિણના રાજયો સાથેની છેતરપીંડી ગણાવી હતી અને કહ્યું હતું કે નેશનલ પોલીસીના નામે હિન્દી થોપવાનો પ્રયત્ન થાય છે જે અમને સ્વીકાર્ય નથી.

# દિલ્હી સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થા ખાતે યોજાયેલા કૃષિ સંવાદ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જામનગરના ગોપાલકે સંવાદ કર્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના મિયાત્રા ગામે સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્રમાં ૨૫૦થી વધુ ગીર ગાયોનું જતન કરતા ધર્મેન્દ્રભાઈને આમંત્રણ મળ્યું હતું.વડાપ્રધાન સાથે સંવાદ કરીને એવું લાગ્યું કે, ઘરના વડીલ વ્યક્તિ મને માર્ગદર્શન આપી રહ્યા છે. ધર્મેન્દ્રભાઈ કારાવદરા.ભારત સરકારે મારા જેવા સામાન્ય ગૌપાલકને ૨ કરોડ રૂપિયાની સબસીડીની સહાય થકી ૨૫૦ ગીર ગાયોનો માલિક બનાવ્યો ધર્મેન્દ્રભાઈ કારાવદરા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ દિલ્હી સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થા ખાતે કૃષિ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતો તેમજ પશુપાલન અને માછીમારી જેવા વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. જેમાં વિવિધ રાજ્યો માંથી લાભાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તે પૈકીના એક છે જામનગર જિલ્લાના મિયાત્રા ગામે રહેતા ધર્મેન્દ્રભાઈ કારાવદરા કે જેઓએ વડાપ્રધાન સાથે સંવાદ કર્યો હતો. અને કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ તેઓ સાથે વિસ્તૃતમાં સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્ર વિષે ચર્ચા કરી હતી.

ધર્મેન્દ્રભાઈ જામનગર જિલ્લાના મિયાત્રા ગામે સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્ર ચલાવે છે. જેમાં તેઓ ૨૫૦થી પણ વધુ ગીર ગાયોનું જતન કરે છે. હાલ તેઓએ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા આદિવાસી સમુદાયના મહિલાઓને વિનામૂલ્યે ૬૩ જેટલી વાછરડીઓ આપી છે. જેના થકી તેઓ પ્રાકૃતિક કૃષિ કરી સારી આવક મેળવી રહ્યા છે.

તેઓ જણાવે છે કે, મને સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્રમાં બ્રીડ મલ્ટિપ્લિકેશન ફાર્મ વિકસાવવા માટે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત ૫૦% સબસીડી હેઠળ રૂ.૨ કરોડની સહાય મળી છે. હાલ મારી પાસે ૨૫૦ કરતા વધુ ગાયો છે. અત્યારે હું દૂધ, દહીં, ધૂપ, દીવા, અગરબત્તી, ઘી અને ઓર્ગેનિક ખાતરનો વ્યવસાય કરું છું. આગામી સમયમાં હું આ બધી વસ્તુઓની એક્સપોર્ટ કરીને મારો વ્યવસાય આગળ વધારવાની વિચારણા હેઠળ છું. અગાઉ મને એવું લાગતું હતું કે, નાના ગૌપાલક તરીકે મને સરકારની આટલી મોટી યોજનાનો લાભ નહી મળે. પરંતુ સરકારની સરળ અરજી પ્રક્રિયાથી અને સરળ નીતિઓ અને બેંકના સપોર્ટથી મારો પ્રોજેક્ટ વિશાળ બન્યો છે. આગાઉ કોઈ સામાન્ય માણસ, ખેડૂત કે ગૌપાલકે વડાપ્રધાનને મળવું હોય તો ખુબ મુશ્કેલ કામ હતું. પરંતુ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર સારી કામગીરી કરતા લોકોને હંમેશા પ્રોત્સાહિત કરે છે.હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યોએ મારા માટે ગર્વની વાત છે. તેઓએ ખુબ જ સરળ રીતે મારી સાથે વાત કરી. મને એવું લાગતું હતું કે આટલા શક્તિશાળી વ્યક્તિને હું કઈ રીતે મળીશ. પરંતુ તેઓને મળ્યા પછી અને સંવાદ કરતા સમયે એવું લાગ્યું કે જાણે ઘરના કોઈ વડીલ મને સલાહ અને માર્ગદર્શન આપી રહ્યા છે. હું તેઓને મળી ખુબ ખુશ અને આનંદની લાગણી વ્યક્ત કરું છું.

તેઓએ આગળ જણાવ્યું કે, થોડા દિવસ અગાઉ હું મારી ગૌશાળામાં કામ કરી રહ્યો હતો અને મારા નંબર ઉપર પીએમઓ ઓફીસથી ફોન આવ્યો અને તેઓએ કહ્યું કે વડાપ્રધાન દ્વારા દિલ્હી ખાતે કૃષિ સંવાદનું આયોજન કરવામાં આવનાર છે. તેમાં તમને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. હું આ નિમંત્રણનો સ્વીકાર કર્યા બાદ આપણા દેશના વડાપ્રધાન મારા જેવા નાના માણસ સાથે વાત કરશે એ વિચારીને જ ખુબ ભાવુક થઇ ગયો હતો. મારા માટે આ ખુબ જ યાદગાર ક્ષણ છે.હું અગાઉ એક હોટલમાં રૂમ બોય તરીકે કામ કરતો હતો અને અત્યારે હું મારા ખુદના વ્યવસાય થકી ખુબ સારી આવક મેળવી રહ્યો છું તે બદલ હું સરકારનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું.ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત સરકાર દેશી પ્રજાતિના દૂધાળુ પશુઓને પ્રોત્સાહન આપીને દૂધ ઉત્પાદન વધારવા માગે છે. આ સિવાય આ પશુઓની અંદર જોવા મળતી બીમારીઓ ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરવાનો હેતુ પણ રાષ્ટ્રીય ગોકુલ મિશનના મુખ્ય ઉદ્દેશોમાં સામેલ છે.આ મિશન માટે રાષ્ટ્રીય પશુ પ્રજનન અને ડેરી વિકાસ કાર્યક્રમ (NPBBDD) કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત સ્વદેશી ગાયોના સંરક્ષણ અને પ્રજાતિઓના વિકાસને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# જામનગરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ જગ્યાઓ પર વોલ પેન્ટિંગની કામગીરી કરાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ત્યારથી નાગરિક પ્રથમના અભિગમ સાથે ગુજરાતની વિકાસયાત્રા અવિરત છે. આ વિકાસયાત્રાને જન જન સુધી પહોંચાડવા રાજ્ય સરકાર જન ભાગીદારી સાથે વિકાસનો મહોત્સવ ઉજવી રહી છે.જેના ભાગરૂપે જામનગર જિલ્લામાં પણ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે જામજોધપુર અને કાલાવડ નગરપાલિકા વિસ્તારમાં વિવિધ જગ્યાઓ પર વિકાસ સપ્તાહને લગત સેલ્ફી પોઈન્ટ અને વોલ પેન્ટિંગ કરવામાં આવ્યું હતું.

# સાયબર ક્રાઈમે રૂ.૧.૮૭ કરોડની છેતરપિંડીના આરોપીને ઝડપ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર સાયબર ક્રાઈમ પોલીસે રૂ. ૧.૮૭કરોડની ઓનલાઈન છેતરપિંડી આચરનાર એક આરોપીને મહારાષ્ટ્રના પુણેથી ઝડપી પાડ્યો છે. આ ગેંગે ખોટી ટ્રેડિંગ કંપની મારફતે રોકાણના બહાને એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ મોટી રકમ પડાવી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપીઓએ ફરિયાદીનો વોટ્સએપ નંબર +૧૮૫૯૨૮૭૫૨૨૮ પર સંપર્ક કર્યો હતો. તેમણે પોતાને ટ્રેડિંગ એડવાઈઝર તરીકે ઓળખાવી, પોતાની કંપની દ્વારા અલગ-અલગ સ્કીમમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી.

ફરિયાદીને વિશ્વાસમાં લીધા બાદ, રોકાણના બહાને કુલ રૂ. ૧,૮૭,૪૪,૪૦૭/- ''DIWAN Enterprise'' ના બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નંબર ૬૦૫૦૫૬૯૧૦૩૨ માં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ, આરોપીઓએ https://metaxoption.com નામની વેબસાઈટ પર ખોટો નફો દર્શાવ્યો હતો.જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીઓએ તે આપવાનો ઇનકાર કર્યો હતો. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં BNS-૨૦૨૩ કલમ ૩૧૬(૫), ૩૩૬(૩), ૩૧૮(૪), ૬૧(૨) તથા IT એક્ટ કલમ ૬૬(c), ૬૬(d) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીઓએ તે આપવાનો ઇનકાર કર્યો હતો. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં -BNS-૨૦૨૩ કલમ ૩૧૬(૫), ૩૩૬(૩), ૩૧૮(૪), ૬૧(૨) તથા IT એક્ટ કલમ ૬૬(c), ૬૬(d) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ, DYSP જયવિરસિંહ ઝાલા અને PI આઇ.એ. ઘાસુરાની સૂચના મુજબ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના PC કારુભાઈ વસરા, HC પ્રણવભાઈ વસરા અને PC વિકી ઝાલાએ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસ દ્વારા માહિતી એકત્રિત કરી હતી. આ માહિતીના આધારે, આરોપી અબરારઅઝીઝ અબ્દુલલતીફ દિવાનને મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના બેગમ પેઠ, કિડવાઈ ચોક, મર્કઝ મસ્જીદની બાજુમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને લીડ બેંક દ્વારા ટાઉનહોલ ખાતે મેગા કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને લીડ બેંક જામનગર દ્વારા નાણાં મંત્રાલયના નાણાંકીય સેવા વિભાગના માર્ગદર્શન હેઠળ ''અનક્લેમ્ડ ફાઇનાન્શિયલ એસેટ્સ અભિયાન તમારી મૂડી, તમારો અધિકાર અંતર્ગત મેગા કેમ્પનું આયોજન આગામી તા.૧૬ ઓક્ટોબરના રોજ સવારે ૧૦૦૦ કલાકે જામનગરના ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે. નાગરિકોને તેમની રકમ પર પોતાનો હક પ્રાપ્ત થાય અને નાણાકીય જાગૃતિ વધે તે આ કેમ્પનો હેતુ છે.આ કેમ્પમાં વિવિધ બેંકો અને નાણાંકીય સંસ્થાઓ દ્વારા પોતાના સ્ટોલ રાખવામાં આવશે, જ્યાં ગ્રાહકોને તેમની અનક્લેમ્ડ ડિપોઝિટ, એકાઉન્ટ્સ તથા DEAF દાવા સંબંધિત માહિતી, ચકાસણી તથા તાત્કાલિક નિરાકરણ માટે માર્ગદર્શન આપવામાં આવશે. જામનગર જિલ્લાના નાગરિકોને પોતાની અનક્લેમ્ડ રકમ તથા એકાઉન્ટ સંબંધિત માહિતી મેળવવા તથા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે આ કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા એસબીઆઈ અને લીડબેંકના મેનેજરઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાંકાનેર સરધારકા ગામે પૈસાની લેતીદેતીના વિવાદને કારણે ખેડૂત પર લાકડી વડે હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના સરધારકા ગામે જૂની પૈસાની લેતીદેતી બાબતના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સોએ ખેડૂત ઉપર લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. હાલ ઇજાગ્રસ્ત ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

વાંકાનેર તાલુકાના ગાંગીયાવદર ગામે રહેતા ખેડૂત ધીરૂભાઈ લખમણભાઈ ધરજીયા ઉવ.૫૨ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ના બપોરે તેઓ તેમના કાકા નવઘણભાઈ સાથે મોટર સાયકલ ઉપર વાંકાનેર જવા નીકળ્યા હતા. ત્યારે સરધારકા ગામના પાદરમાં રોકાયા દરમિયાન સરધારકા ગામના વેલુભા ઘનુભા ઝાલા તથા ખનુભા ઝાલાએ આવી તેમની સાથે બોલાચાલી કરી અને અગાઉની પૈસાની લેતીદેતી બાબતે ઝઘડો કર્યો હતો. બાદમાં બંનેએ ધીરૂભાઈને ધમકી આપી અને ત્યાંથી નીકળી ગયા હતા. થોડી વારમાં ધીરૂભાઈ તથા નવઘણભાઈ શીતળામાતા મંદિર પાસે પહોંચ્યા ત્યારે વેલુભાના ભત્રીજા કાનભા ઝાલા ત્યાં લાકડી લઈને આવ્યો હતો. કાનભાએ લાકડી વેલુભાને આપતા વેલુભાએ ધીરૂભાઈને વાસા અને પગના ભાગે લાકડી વડે માર માર્યો હતો, જ્યારે ખનુભાએ તેમને ઝાપટો મારી ગાળો આપી વધુ માર મારવાની ધમકી આપી ભાગી ગયા હતા. જે બાદ ઇજાગ્રસ્ત ધીરુભાઈને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ બાદ કુવાડવા સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સગીરાનું બ્લેક મેઈલ કરીને અપહરણ કર્યા બાદ ગેંગ રેપ કરનાર બન્ને શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર શહેરમાં સગીરાને બ્લેક મેઈલ કરવાની ધમકી આપીને અપહરણ કરીને અવાવરૂ જગ્યાએ લઈ જઈને બળજબરીથી બે શખસોએ ગેંગ રેપ કર્યાની ફરિયાદ પરથી પોલીસે તપાસનો ધમધમાટ આદરીને નાશી છુટેલા બન્ને શખસોને જુનાગઢ ખાતેથી ઝડપી લઈને રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે.શહેરમાં રહેતી ૧૫ વર્ષની કીશોરીને જીજ્ઞેશ શાંતિલાલ નામના શખસે બદકામ કરવાના ઈરાદે પ્રેમજાળમાં ફસાવી હતી અને સગીરાને પોતાના ઘરમાં જ ૬ માસના ગાળામાં ૧૦ થી ૧૨ વખત દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં ગત તા.૮ના રોજ શખસે સગીરાને બ્લેક મેઈલ કરવાની ધમકી આપી બોલાવીને ઈકો કારમાં બેસાડી અપહરણ કરી હાપા યાર્ડવાળા રોડ ઉપર આવેલ સતવારા જળઘોડાવાળાની વાડી તરફ બાવળની કાંટમાં લઈ ગયા હતા. અને ત્યાં આરોપી જીજ્ઞેશ શાંતિલાલ પરમાર અને યશવંત ઉર્ફે ભોલો અમૃતલાલ કણજારીયાએ વારાફરતી બળજબરીથી ઈકો કારમાં બન્ને શખસોએ વારાફરતી સગીરા પર (ગેંગ રેપ) દુષ્કર્મ આચર્યુ હતું.બન્ને શખસો નાશી છુટ્યા હતા અને તે જુનાગઢ, અમરેલી અને બોટાદ તરફ જતાં રહ્યા હોવાની પોલીસને આરોપીના પરિવારજનોએ જણાવ્યું હતું. જેથી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ નિકુંજસિંહ ચાવડાએ જુદી જુદી ત્રણ ટીમો બનાવી હતી. ત્રણેય શહેરોમાં પહોંચીને જુનાગઢ બસ સ્ટેશનમાંથી બન્ને શખસોને ઝડપી લઈને જામનગર લાવવામાં આવ્યા છે. આકરી ઢબે પુછપરછ કરવામાં આવી રહી છે.

# જામનગર તાલુકાના લાભાર્થીને બેલરની ખરીદી માટે રૂ.૬.૨૨ લાખની સહાય મળી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર તાલુકાના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓ થકી લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં જામનગર તાલુકાના રવાણી ખીજડીયા ગામના લાભાર્થી ગુલાબબા મહેન્દ્રસિંહ જાડેજાને એજીઆર ૨ ફાર્મ મિકેનાઇઝેશન યોજના અંતર્ગત બેલર (ટ્રેક્ટર સંચાલિત ઘાસની ગાંસડી બાંધવાનું સાધન માટે રૂ. ૬,૨૨,૮૪૨ ની સહાય મંજુર કરવામાં આવી હતી.

આ સહાય મળવા બદલ લાભાર્થીના પુત્ર જાડેજા અમરદીપસિંહ મહેન્દ્રસિંહ જણાવે છે કે મારું ગામ રવાણી ખીજડીયા છે. અમને સરકાર તરફથી બેલર માટે રૂ.૬લાખ ૨૨ હજારની સહાય મળી છે. બેલરનો ઉપયોગ ઘઉં, કામોજ વગેરેની ગાંસડી બનાવવા થાય છે. આ બેલરથી અમને ઘણો ફાયદો થશે અને આ સહાય બદલ હું ખેતીવાડી વિભાગ અને સરકારનો આભાર માનું છું.

# મોરબી તાલુકાના જબલપુર ગામે અપમૃત્યુના બે બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ અલગ સ્થળોએ બે અપમૃત્યુના બનાવો બન્યા છે. મકનસર ગામે છાતીમાં દુખાવો થતાં ૬૧ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ટંકારા નજીક જબલપુર ગામની સીમમાં માનસિક બીમારીથી પીડાતા યુવાનનું પડી જતા મોત નિપજ્યું છે. બંને બનાવોમાં પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકાના મકનસર ગામમાં ગત રાત્રે એક વૃદ્ધનું છાતીમાં તીવ્ર દુખાવા બાદ મૃત્યુ થયું હોવાનું નોંધાયું છે. મકનસર ગામના રહેવાસી વાસુદેવભાઈ કુવરજીભાઈ કવાડીયા ઉવ.૬૧ રાત્રે દસ વાગ્યાના અરસામાં પોતાના ઘરે છાતીમાં દુખાવો ઉપડતા, તેમના પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે મોરબી લઇ ગયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે અપમૃત્યુનો બીજો બનાવ ટંકારા પોલીસ સ્ટેશન હદમાં બન્યો હતો. ખજુરા હોટેલથી આગળ જબલપુર ગામની સીમમાં એક વ્યક્તિનો મૃતદેહ મળ્યો હતો. મૃતકની ઓળખ નરેશભાઈ ઉર્ફે ટીનો જેણાજી બકરાણીયા ઉવ.૩૬ રહે. કરકથલ તા. વિરમગામ જી. અમદાવાદ તરીકે થઈ છે. મૃતકને માનસિક બીમારીની તકલીફ હોવાનું જાણવા મળ્યું છે. તેઓ રખડતા ભટકતા સમયે પડી જતા પગની ઘૂંટી પાસે ગંભીર ઇજા થતાં અને લોહી વહી જવાથી તેમનું મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. આ અંગે મૃતકના પિતા જેણાજી દેવાજી બકરાણીયા ઉવ.૭૦ ટંકારા પોલીસમાં પ્રાથમિક વિગતો આપતા પોલીસે અ. મોત રજીસ્ટર કરી છે.

# મોરબીમાં કારખાનાની છત પર સુતેલા શ્રમિકોના ૪ મોબાઇલની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના સાદુળકા ગામની સીમમાં આવેલા નેલ્સન લેમીનેટ કારખાનાની લેબર ક્વાર્ટરની છત ઉપર રાત્રે સુતા ત્રણ શ્રમિકોના કુલ ચાર મોબાઇલ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા હોય. ત્યારે શ્રમિકોએ રૂ. ૪૮,૦૦૦ના ૪ નંગ મોબાઇલ ગુમ થયાની ફરિયાદ મોરબી તાલુકા પોલીસ મથકે નોંધાવી છે.

મોરબી તાલુકાના હરીપર(કેરાળા) રોડ પર સ્થિત સાદુળકા ગામની સીમમાં આવેલા નેલ્સન લેમીનેટ કારખાનાની લેબર ક્વાર્ટર કોલોનીમાં ત્રણ શ્રમિકો રાત્રે છત પર સુતા હતા ત્યારે ચોરીની ઘટના બની હતી. જે અંગે ફરીયાદી ઉત્તમભાઈ ગણાજીભાઈ પરમાર ઉવ.૨૮ રહે. નેલ્સન લેમીનેટ લેબર ક્વાર્ટર મૂળ રહે.કિયાલ ગામ તા.રાહ જી.થરાદ વાળાએ પોલીસમાં આપેલી વિગત મુજબ, તા. ૧૧ ઑક્ટોબરની રાત્રે તે અને તેના સાથી શ્રમિકો હાજાભાઈ ચૌધરી તથા ભરતભાઈ ચૌધરી છત ઉપર સુતા હતા. રાત્રે આશરે બે વાગ્યે તેઓ જાગ્યા ત્યારે પોતાના મોબાઇલ જોવા મળ્યા ન હતા. ત્યારે અજાણ્યા ચોર ઇસમે કુલ ૪ મોબાઇલ, જેમાં વીવો, મોટોરોલા અને ઓપ્પો કંપનીના મોબાઇલનો સમાવેશ થાય છે જે ચોરી કરી ગયા હતા. ચોરાયેલા મોબાઇલની અંદાજિત કિંમત રૂ. ૪૮,૦૦૦ ગણાઈ છે. આ સાથે મોબાઇલ ચોરી અંગે ઈ-એફઆઈઆર નોંધાવી અને બાદમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં રૂબરૂ હાજર રહી વિગતવાર ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની ચોરીની કલમ હેઠળ ગુનો દાખલ કરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાજરા સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો.એચ.એમ.ભૂવાએ સસ્ટેનેબલ ફાર્મિંગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના ૧૩ લાભાર્થીઓને રૂ.૧૯ લાખથી વધુ રકમની સહાયના ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના ૧૬ જેટલા સ્ટોલ મારફતે કૃષિ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીએ જણાવ્યું હતું કે,આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. દેશના વિકાસમાં ખેતી અને ખેતી કરનારા ધરતીપુત્રોનો ખૂબજ મહત્વનો ફાળો રહેલો છે. ગુજરાત રાજ્યના ખેડૂતોએ કૃષિ, બાગાયત, પશુપાલન અને સહકાર વિભાગના કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવી, પોતાની આગવી સુઝબુઝના સમન્વય થકી ઉત્તમ ખેતી કરીને સમગ્ર દેશમાં ગુજરાતને આગવું સ્થાન અપાવ્યું છે.રાજયના ખેડૂતોનું કૃષિ ઉત્પાદન વધારવા, નવી તાંત્રીકતા ખેડુતો સુધી પહોંચાડવા, વૈજ્ઞાનિકો દ્વારા સીધુ ખેડુતોને માર્ગદર્શન આપવા, ખેતી ખર્ચ ઘટાડવા, આવક વધારવા જેવા ઉદ્દેશો સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન મુખ્યમંત્રી દ્વારા સૌ પ્રથમ વર્ષ ૨૦૦૫-૦૬ માં કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. ખેડૂતોને તમામ પ્રકારના લાભો મળે અને તેમની આવક બમણી થાય તે દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. અને આત્મા પ્રોજેક્ટ થકી ખેડૂતો માટે તાલીમોનું પણ આયોજન કરવામાં આવે છે. ખેડૂતોને મળતી વિવિધ સહાય સીધી તેઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જેના પરિણામે ખેડૂતોને આર્થિક ફાયદો થયો છે.કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રાજ્યકક્ષાના કૃષિ વિકાસ દીવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદ સભાયા તથા હોદ્દેદારો, અગ્રણી કુમારપાળસિંહ રાણા, જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ.ગોહિલ, નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લ, વિવિધ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ.તથા વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીના જૂનાગઢ રોડ પર ધૂળની ડમરીથી રાહદારીઓ ત્રાહીમામ

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**



ધોરાજી ના જૂનાગઢ રોડ પર ધૂળ ની ડમરી થી રાહદારીઓ ત્રાહીહામ પોકારી ગયેલ છે.બહોળી સંખ્યામાં બાઈક ચાલકો ધોરાજી ના જૂનાગઢ રોડ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ ના ઘણા બધા કારખાનાઓ આવેલ છે તેના અનુસંધાને આ રોડ પર અવરજવર કરે છે છેલ્લા કેટલા દિવસ થી જૂનાગઢ રોડ જેતપુર રોડ સહિતના રોડ પર ધૂળની ડમરી થી રાહદારી ત્રાહીહામ પોકારી ગયા છે.

દિવાળી નો તહેવાર પર નજીક જ આવી રહ્યો છે હવે જોવાનું એ છે કે તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવે છે કે નઈ?

આમ ધોરાજી શહેર નો મુખ્ય માર્ગ એટલે જેતપુર રોડ પર પણ ધૂળ ની ડમરી ઉડે છે અહીંયા પણ લોકો ને ધૂળ ની ડમરી નો સામનો કરવો પડે છે દુકાનદારો અને રાહદારી બહોળી સંખ્યામાં જેતપુર રોડ પર અવર જવર કરવામાં આવે છે.

# જામનગર દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને એસ.ટી.વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો શરુ કરાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને સમગ્ર ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મુસાફરોને પોતના વતન જવા-આવવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. જેમાં તા.૧૬/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી જામનગર એસ.ટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. અને ડેપો ખાતેથી મુસાફરો આ સમયગાળા દરમિયાન એડવાન્સ બુકિંગ પણ કરાવી શકશે.જો એક જ ગ્રુપના ૫૧ થી વધુ મુસાફરો ગ્રુપ બુકિંગ કરાવશે તો એક્સ્ટ્રા બસની સુવિધા એસ.ટી નિગમ દ્વારા આપવામાં આવશે. માટે દિવાળીના તહેવાર દરમ્યાન જનતાને એસ.ટી બસોની સુવિધાનો વધુમાં વધુ લાભ લેવા એસ.ટી.જામનગરના વિભાગીય નિયામક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.જે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે તેના રૂટ અને ભાડુ જેમાં દ્વારકા-જામનગરનું ભાડું રૂ.૧૯૭, દ્વારકા રાજકોટનું ભાડું રૂ.૨૬૯, દ્વારકા-પોરબંદરનું ભાડું રૂ.૧૬૭, દ્વારકા-સોમનાથનું ભાડું રૂ.૨૭૯, દ્વારકા-જુનાગઢનું ભાડું રૂ.૨૫૧, જામનગર-દાહોદનું ભાડું રૂ.૪૪૨, જામનગર-સંજેલીનું ભાડું રૂ.૪૧૮ તથા જામનગર-જુનાગઢનું ભાડું રૂ.૧૮૩ નક્કી કરવામાં આવ્યું છે.

# માળીયા(મી) નવા હંજીયાસર ગામે દેશી દારૂની ભઠ્ઠી સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે નવા હંજીયાસર ગામે મચ્છુ નદીના કાંઠે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર રેઈડ કરી ૬૦૦લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો કિ.રૂ.૧૫,૦૦૦/- તથા ભઠ્ઠીના સાધનો સહિત આરોપી કરીમ કાદરભાઈ જંગીયા ઉવ.૨૨ રહે. નવા હંજીયાસર તા.માળીયા(મી) વાળાની અટકાયત કરવામાં આવી છે.

હાલ પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જોડીયા તાલુકાના બાલંભા મુકામે સમસ્ત રાઠોડ પરિવારના યજમાનપદે દેવી ભાગવત નવાન્હ જ્ઞાનયજ્ઞનું આયોજન

## બાલંભા ગામ મંગલ મહોત્સવના રંગે રંગાયુ ભક્તિ, પ્રસાદ અને સેવાનો ત્રિવેણી સંગમઃ વિશાળ જગ્યા માં તા.૨૩થી તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન મહામંગલ મહોત્સવનું આયોજન








**મુખ્ય સમાચાર, રાજકોટ**

જોડિયા તાલુકાના બાલંભા ગામે સમસ્ત રાઠોડ પરિવારના મહા આદ્યશક્તિ કુળદેવી પરાઅંબા ભગવતી શ્રી ચામુંડા માતાજી તથા સુરાપુરા શ્રી ભાયાબાપાના આશિર્વાદ અને અનુગ્રહથી સમસ્ત રાઠોડ પરિવાર દ્વારા નવલાં નૂતન વર્ષના મંગલ પ્રારંભે માતાજીના સાનિધ્યમાં ભક્તિ દ્વારા એકતાની શક્તિ બની. બાલંભા મુકામે શ્રી દેવી ભાગવત નવાન્હ જ્ઞાનયજ્ઞ નું શુભ આયોજન વિક્રમ સંવંત ૨૦૮૨ ના કારતક સુદ બીજ (ભાઈ-બીજ)ને ગુરૂવાર તા. ૨૩-૧૦-૨૦૨૫ (પ્રારંભ) થી કારતક સુદ નોમ તા. ૩૧-૧૦-૨૦૨૫ ને શુક્રવાર (પૂર્ણાહુતિ) સુધી દિવ્ય અને ભવ્ય ભગવતી જગદંબાના ચરિત્રોથી સભર શ્રી દેવી ભાગવત કથા વકતા શાસ્ત્રી ચિંતનભાઈ પંડયા-(અકાળાવાળા) હાલઃ અમરેલી વ્યાસપીઠે બિરાજી ને સંગીત સભર શૈલી માં કથા સમય સવારે ૯ થી ૧૨:૩૦ બપોરે ૩ થી ૬ કથા રસપાન કરાવશે.

આગામી કારતક સુદ બીજ (ભાઈ-બીજ) ને ગુરૂવાર તા.૨૩-૧૦-૨૦૨૫, સવારે ૭ કલાકે શ્રી ચામુંડા માતાજી મઢે બ્રહ્મદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે શ્રી ગણપતિ આદિ સ્થાપિત દેવાની પુજા, પોથી યાત્રા સવારે ૮ કલાકે શ્રી ચામુંડા માતાજી મઢે થી સુસોભાન વિવિધ ફ્લોટ્સ સાથે બાલંભા ગામના મુખ્ય માગ પર ભક્તિ સભર ભવ્યાતી ભવ્ય વિશાળ શોભાયાત્રા શરૂ થઈને ખાતે પવિત્ર દેવી ભાગવત પોથીજીનું સ્થાપન કરવામાં આવશે. શોભાયાત્રામાં ડ્રેસકોડ સાથે સાફા પહેરેલા યુવાનો બાઈક રેલી સાથે જોડાશે. ઉપરાંત સેંકડો ગાડિઓ પણ જોડાશે. મહિલા મંડળનાં બહેનો પણ રાસ-ગરબાની રમઝટ સાથે કથા સ્થળે પ્રયાણ કરશે.

આ ભવ્ય આયોજનમાં દિપ પ્રાગટય તથા કથા પ્રારંભ ૧૧:૪૫ કલાકે કરવામાં આવશે. રાઠોડ પરિવારના બહેનુ-દિકરી તથા ભાણેજો એ કથાનો લાભ લેવા રાઠોડ પરિવાર દ્વારા પોત પોતાની રીતે આમંત્રણ આપવા કૃપા કરશો. સાથે હાલારા ચોવીસીમાં વસતાં સર્વે સમાજને આ કથામાં સ્નાન અને પાન કરવા જીવનને શુદ્ધ કરવા કથા શ્રવણ માટે માનવ જીવનમાં ગંગા સ્નાન, યમુનાપાન, સંતદર્શન તથા કથા શ્રવણ શ્રેષ્ઠ લાભ છે. કથા દરમિયાન દરરોજ ભોજન રૂપિ મહાપ્રસાદ દરરોજ સવારે નાસ્તો ૭ થી ૯ સુધી ભોજન બપોરે ૧૨:૩૦ થી ૨:૩૦ સુધી રાત્રિ ભોજન સાંજે ૬:૩૦ થી ૮:૩૦ સુધી નું સુંદર આયોજન સમસ્ત રાઠોડ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે.

આ જ્ઞાન સરિતાના મંગલ અવસરે સમસ્ત રાઠોડ પરિવાર - શ્રી ચામુંડા માતાજીનો મઢ, બાલંભા પ્રમુખશ્રી ગિરિશભાઈ એલ. રાઠોડ મો. ૮૬૬૮૮ ૩૩૦૧૮, મંત્રી બાબુલાલ એન. રાઠોડ મો. ૯૦૯૯૦ ૧૦૯૬૧, ઉપપ્રમુખ હિતેષભાઈ જી. રાઠોડ મો. ૯૦૯૯૦ ૨૫૧૧૩, ઉપપ્રમુખ શૈલેષભાઈ પી. રાઠોડ મો. ૯૮૨૨૩ ૧૧૬૮૧, ખજાનચી નંદલાલ બી. રાઠોડ - મો. ૯૭૨૩૭ ૭૮૭૩૧ રાઠોડ પરિવારના હોદેદારો, કાર્યકર કમિટી દ્વારા કથા શ્રવણનો લાહવો લેવા સહ પરિવાર પધારવા અમો હૃદય પૂર્વક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# G.M.S.C.L સરકારી દવાના ગોડાઉન પર ગાંધીનગરથી આવેલ ટીમના દરોડા



### દવાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે સરકારી દવાના ગોડાઉન પર ગાંધીનગરથી આવેલ ટીમે દરોડા પાડયા હતા જો કે, ગાંધીનગર તપાસ માં આવેલ ડો.હિતેશ પ્રજાપતિ નિવેદન આપ્યું હતું કે આ તપાસ રૂટિંગ છે. વધુમાં તેઓએ કહ્યું હતું કે, અગાવ તપાસ થઈ બાદ નવા જોડાયેલ કર્મચારીને ટ્રેનિંગ અને જરૂરી સૂચના માટે આવેલા છીએ.

# વિકાસ સપ્તાહ પી.જી.વી.સી.એલ.ના ત્રણસો કર્મીઓ દ્વારા ''વીજ સેવા અને સલામતી'' રેલી યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત સંકલ્પને સાર્થક કરવા અને ગુજરાતમાં થયેલા વિકાસ કામોની યશગાથાને છેવાડાના માનવી સુધી પહોંચાડવા તા.૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી અન્વયે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.




આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજકોટના પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના અંદાજે ૩૦૦ કર્મયોગીઓ ''વીજ સેવા અને સલામતી'' રેલીમાં જોડાયા હતા. જેમાં વીજકર્મીઓ ''જળ,સૌર, વાયુ કરે જીવન હરિયાળું'', ''કામ કરો ધ્યાનથી સલામતી રહેશે શાનથી'', ''વિન્ડ, વોટર એન્ડ સન એનર્જી ફોર લોંગ રન'', ''પુનઃપ્રાપ્ય ઉર્જા અપનાવો, પૃથ્વી બચાવો'' સહિતના સુત્રોના પોસ્ટર્સ સાથે રેલીમાં જોડાયા હતા.

# રાજકોટમાં વડાપ્રધાન મોદીના ચહેરા પર કાળા કલરનો સ્પ્રે લગાવતા મામલો ગરમાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આજે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના રાજકોટ આગમનને લઈ શહેરમાં ભાજપના કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરી હતી. શહેરના મુખ્ય માર્ગો પર જગદીશ વિશ્વકર્મા સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય મંત્રીઓના પોસ્ટર તથા બેનર લગાવવામાં આવ્યા હતા. પરંતુ આ ઉત્સાહ વચ્ચે એક અપ્રિય બનાવે રાજકીય ચર્ચાઓને ગરમાવી દીધી છે.

મળી રહેલી માહિતી મુજબ, આર વર્લ્ડ થી બહુમાળી રોડ તરફ જતા માર્ગ પર લગાવેલા એક મોટા બેનર પર કોઈ અજાણ્યા તત્વોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ચહેરા પર કાળા કલરનો સ્પ્રે કરી આપ્યો હતો. આ ઘટના સામે આવતા જ વિસ્તારના લોકો અને ભાજપના કાર્યકર્તાઓમાં રોષ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.




સવાલ એ ઉઠે છે કે આ કૃત્ય શરારતી તત્વોએ કર્યું કે રાજકીય દુશ્મનીના ભાગરૂપે? પોલીસે આ મામલે આસપાસના સીસીટીવી ફૂટેજ હાથ ધર્યા છે અને દોષિતોને ઝડપવા માટે તપાસ શરૂ કરી દીધી છે.

બીજી તરફ ભાજપના નેતાઓએ આ ઘટનાની કડક નિંદા કરી છે અને જણાવ્યું છે કે પ્રધાનમંત્રીના ચહેરા પર કાળા રંગનો સ્પ્રે કરવો માત્ર વ્યક્તિ પર નહીં પરંતુ દેશના લોકશાહી તંત્ર પર હુમલો છે.

આ બનાવ પછી શહેરના રાજકીય માહોલમાં ગરમી જોવા મળી રહી છે અને સોશિયલ મીડિયા પર પણ આ ઘટનાની ભારે ચર્ચા ચાલી રહી છે. હવે જોવાનું રહ્યું કે પોલીસે આ વિવાદાસ્પદ કૃત્યના જવાબદારોને ક્યારે અને કેવી રીતે પકડે છે.

# જોડિયા પંથકની બે લૂંટ સંડોવાયેલ મહિલા સહિત બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના જીરાગઢ ગામે તથા બોડકાગામે લુંટની ઘટના સામે આવી હતી. જેમાં સંડોવાયેલ એક મહીલા તથા બે શખ્સોને.જામનગર-એલ.સી.બી પોલીસની ટીમે લુંટના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે પ્રથમ આરોપીઓ આજુબાજુના ગામ વિસ્તારમા ફરી વૃધ્ધ મહીલાનુ ઘર જોઇ રેકી કરતા હતા. બાદમાં રાત્રે લૂંટ ચલાવતા હતા.વિગત અનુસાર જોડિયા તાલુકાના બોડકા ગામ સતીમાતાના મંદિરની બાજુમા જશવંતીબેન જગદીશભાઇ ગડારાએ પોલીસ ફરિયાદ કરી જણાવ્યું હતું કે ગત તા.૧૧/૧૦/૨૦૨૫ ના રાત્રીના ૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરે સુતા હતા.ત્યારે તેમને કાનમા પહેરેલ બે સોનાની બુટી આશરે ૧૦ ગ્રામ વજનની જેની આશરે કિમત રૂપીયા ૪૦,૦૦૦ તથા બટવા (પાકિટ) માં રહેલ આશરે રોકડા રૂપીયા ૭૦૦૦ મળી કુલ કિમત રૂપીયા ૪૭,૦૦૦ ની લુંટ થઈ હોવાનું જણાવ્યું હતું. સાથે જ જીરાગઢગામે રંભાબેન પરબતભાઇ ચોટલીયા (ઉ.વ.૮૦) એ ફરીયાદમાં જણાવ્યું હતું કે ગત તા.૦૮/૧૦/૨૦૨૫ ના રાત્રીના ૦૨ વાગ્યાની આસપાસ પોતાના ઘરે સુતા હતા ત્યારે તેમને કાનમા પહેરેલ બે સોનાની બુટી જેનો આશરે વજન ૬ ગ્રામની જેની આશરે કિમત રૂપીયા ૨૪૦૦૦ ની લુંટ ની થઈ હતી.જે પ્રકરણમાં સંડોવાયેલા શખ્સો મુદામાલ સાથે ભાદરા



પાટીયા પાસે ઉભેલ છે. જે હકિકત આધારે પોલીસે રેડ પાડી હતી. આ દરમિયાન આરોપી સિકંદર ઉર્ફે કારો મુરાદભાઈ સોઢા (ઉ.વ ૧૯ રહેવાસી જીરાગઢ ગામ રામાપીરના મંદિર પાસે તાલુકો જોડીયા જીલ્લો જામનગર) અને આરોપી અલ્પેશ દાનાભાઈ કાનાણી (બેનાપગામ રાવળ વાસ તાલુકો સુઇગામ જીલ્લો બનાસકાંઠા) અને હુસેનાબેન ઉર્ફે આશાબેન ઉર્ફે હસીનાબેન અશોકભાઈ કટારીયા (પીઠડ ગામ કબ્રસ્તાન સામે તાલુકો જોડીયા જીલ્લો જામનગર) તેમજ એક તરુણને પકડી પાડયા હતા.પોલીસે બંને લૂંટના ભેદ ઉકેલી નખી આરોપીઓ પાસેથી સોનાની બુટ નંગ-નંગ-૪ વજન આશરે ૧૬ ગ્રામ કિ.રૂ કિ.રૂ.૬૪,૦૦૦, તથા ૨ મોબાઈલ અને ૭ હજારની રોકડ રકમ સહિત મુદામાલ કિ.રૂ. કિ.રૂ.૭૬,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ દિવસ તથા રાત્રી દરમ્યાન આજુબાજુના ગામ વિસ્તારમા ફરી વૃધ્ધ મહીલાનુ ઘર જોઇ રેકી કરતા હતા. બાદમાં રાત્રીના સમયે પોતે મોઢે કપડા બાંધી ઘરમા સુતેલ મહીલાને પકડી લુંટ કરી અંજામ આપતા હતા.

## સમાચાર સંક્ષીપ્તમાં

### અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સુચના

તા.૧૦/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૨.૫૫ કલાકે રાજકોટના આજી ડેમ આર.કે.ના ગેઇટ પાસે ડૂબી જવાથી એક અજાણ્યા પુરુષ બેભાન હાલતમાં મળી આવતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખાતે લઇ જતી વખતે તેઓ મૃત્યુ પામ્યા હતા. આ અજાણ્યા પુરુષની ઉંમર આશરે ૪૫ વર્ષ, તેમણે ગ્રે રંગનું શર્ટ અને ક્રીમ રંગનું પેન્ટ પહેરેલ છે. શરીરે મજબુત બાંધાના, વાને ઘઉં વર્ણા, જમણા હાથે કોણી પાસે ટેટુ તથા જમણા હાથના પોચા ઉપર ઓમ અને ડાબા હાથે કાંડા પાસે અંગ્રેજીમાં , તથા માં ત્રોફાવેલ છે. લાશના કોઈ વાલી વારસ મળી આવેલ નથી. મૃતકના વાલી-વારસ હોય તો તેમણે રાજકોટ શહેર આજી ડેમ પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### અપહૃત સગીરાની જાણકરી આપવા અંગે

રાજકોટના સોમનાથ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ભુવનેશ્વર પાનની બાજુમાં ઓરડીમાં સોમનાથ કાંટા પાસે રોલેક્ષ રોડ વિસ્તારના રહેવાસી અને મૂળ સાહીગઢ ગામના છાંગબીલા તાલુકાના થાના સાગર જિલ્લા મહારાષ્ટ્ર રાજ્યના વતની રામકિશન નથુવાભાઈ આહીરવારની સગીર વયની દીકરીને તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ બપોરે દોઢ કલાકે પોતાના ઘરની આસપાસના વિસ્તારથી અજાણ્યા ઇસમે અપહરણ કર્યું હોવાનું જણાવ્યું છે. જો કોઈ પાસે અપહૃત સગીરા અંગે માહિતી હોય તો જાણ કરવા રાજકોટ આજીડેમ પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

### હળવદ કારમાં દારૂની મહેફિલ માણતા ત્રણ ડમડમ હાલતમાં પકડાયા

હળવદ ટાઉન વિસ્તારમાં એક કારમાં વિદેશી દારૂની મહેફિલ માણી રહેલા ત્રણ ઇસમોને હળવદ પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે વિદેશી દારૂની બોટલમાં ૩૦૦મીલી. કેફી પ્રવાહી કિ.રૂ.૩૦૦/-સાથે ત્રણેય આરોપી ચિંતન જીતેન્દ્રકુમાર રાવલ ઉવ.૨૯ રહે. હળવદ વાણિયા વાડ, ધર્મેન્દ્ર ચમનભાઈ ગોઠી ઉવ.૩૧ તથા પંકજ ચમનભાઈ ગોઠી ઉવ.બન્ને રહે. હળવદ ઉમા-૨ સોસાયટી મકાન નં.૯૩ વાળાને નશો કરેલી હાલતમાં પકડી લેવામાં આવ્યા છે. હાલ હળવદ પોલીસે કાર કિ.રૂ.૩ લાખ સહિત ૩,૦૦,૩૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ, ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાંકાનેરમાં વર્લી મટકાનો જુગાર રમતો ઈસમ રૂ.૧૦,૦૯૦ની રોકડ સાથે ઝડપાયો

વાંકાનેર શહેરના મીલ પ્લોટ ચોક પાસે જાહેરમાં વર્લી ફીચર્સના આંકડા લખી જુગાર રમી રમાડતો એક ઈસમ વાંકાનેર સીટી પોલીસના હાથ ચઢ્યો છે. પોલીસે તેની પાસેથી રૂ.૧૦,૦૯૦ની રોકડ તથા જુગારનો સામાન કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાનગીરાહે બાતમી મળેલ કે, નરેશ પ્રેમજીભાઈ બાવળીયા રહે. મિલ પ્લોટ વાંકાનેર વાળો જાહેરમાં વર્લી ફીચર્સના આંકડા લખી જુગાર રમી રમાડે છે. જેથી પોલીસે તુરંત બાતમીને આધારે રેઇડ કરતા મિલ પ્લોટ ચોક ખાતેથી આરોપી નરેશ બાવળીયા વર્લી મટકાના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધો હતો, આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લીના આંકડાનો જુગાર રમવાના સાહિત્ય તથા રોકડા રૂ.૧૦,૦૯૦ની રોકડ સાથે તેની અટક કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

# જામનગરથી જુનાગઢ એસી બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું

જામનગર ગુજરાત એસટી નિગમના જામનગર ડેપોમાંથી રાજકોટ વોલ્વો એસટી ડેપો દ્વારા સંચાલિત અને જામનગથી સાંજે ૫ વાગ્યે ઉપડી જુનાગઢ જતી એસી લક્ઝરી બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન શહેરના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી તથા પૂર્વ પ્રમુખ ડો.વિમલભાઈ અને,આગેવાનો સહિત મુસાફર અને શહેરના નાગરીકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જામનગર વિભાગના વિભાગીય નિયામક.બી.સી.જાડેજાના માર્ગદર્શન હેઠળ વિભાગના પરિવહન અધિકારી જે.વી.ઈસરાણી તથા ડીએમઇ એસ.કે.કલોલા અને કર્મચારી ગણ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# મોરબીના હેરીટેજ ટાઉનહોલના રીનોવેશનમાં ભ્રષ્ટાચારના આક્ષેપ, શહેર કોંગ્રેસ પ્રમુખે તપાસની માગણી કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ શહેરના હેરીટેજ ગણાતા ટાઉનહોલના રીનોવેશન કાર્યમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ કર્યા છે. તેમણે જણાવ્યું કે નાટક, સામાજિક કાર્યક્રમો અને વિદ્યાર્થી સન્માન સમારંભોનું કેન્દ્ર રહેલું ટાઉનહોલ હવે ગોડાઉનમાં ફેરવાઈ ગયું છે. આ સાથે તેઓએ તટસ્થ તપાસની માંગણી કરી છે.

મોરબી શહેરના ઐતિહાસિક અને હેરીટેજ ગણાતા ટાઉનહોલમાં છેલ્લા કેટલાક વર્ષોમાં રીનોવેશનના નામે હાથ ધરાયેલા કાર્યો અંગે હવે પ્રશ્નો ઊઠવા લાગ્યા છે. શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે ભૂતકાળમાં આ ટાઉનહોલમાં





સાંસ્કૃતિક જીવનનું કેન્દ્ર હતું, જ્યાં નાટ્યપ્રસ્તુતિઓ, વિદ્યાર્થી સન્માન સમારંભો અને અનેક સામાજિક કાર્યક્રમો યોજાતા હતા. પરંતુ આજે આ હેરીટેજ સ્થળની હાલત એટલી હદે ખરાબ થઈ ગઈ છે કે ત્યાં ઊભું રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. જાડેજાએ આક્ષેપ કર્યો કે રીનોવેશનના નામે થયેલા કામમાં ભારે ભ્રષ્ટાચાર થયો છે અને ટાઉનહોલ હવે ગોડાઉન જેવી હાલતમાં પહોંચી ગયું છે. તેમણે જણાવ્યું કે જો આ કામની તટસ્થ તપાસ થાય તો ઘણા નેતાઓ સામે ગંભીર બાબતો બહાર આવી શકે છે. આ સાથે જ તેમણે શહેરમાં ભૂતકાળમાં થયેલા નંદિઘર, ૪૫-ડી, આવાસ યોજના અને ખરાબ સીમેન્ટના ઉપયોગ જેવા ભ્રષ્ટાચારના કેસોની યાદ અપાવી પ્રશ્ન કર્યો કે શું મહાનગરપાલિકાના કમિશ્નર આ મામલે નિષ્પક્ષ તપાસ કરશે કે પછી આ કેસમાં પણ અગાઉની જેમ ભીનું સંકેલાય જશે?

# ધોરાજીમાં ફૂટવરના ધંધાર્થીને ભાગીદારે આપેલ ચેક રિટર્ન કેસમાં દોઢ વર્ષની સજા

### ચેકની રકમ ૨૪ લાખ વળતર પેંટે ન ચૂકવે તો છ માસની વધુ સજા અને પાંચ હજારનો દંડ જમા કરવા આદેશ કરાયો

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજીના વેપારીને તેના ભાગીદારે આપેલ ચેક રિટર્ન થતા વેપારી દ્વારા ધોરાજી કોર્ટમાં ભાગીદાર સામે કેસ કરાતા ધોરાજી કોર્ટે ભાગીદારને ચેક રીટર્નના કસુર સબબ સજા અને વળતર અપાવવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત એવી છે કે ધોરાજીના વેપારી નટવરલાલ પરબતભાઈ ઠેસીયાએ હિમાંશુ કાંતિલાલ ઠેસીયા રહે રાજકોટ, વાળા સાથે ભાગીદારીમાં ફુટવેર નો ધંધો શરૂ કરેલ. જેમાં ફરિયાદીની ભાગીદારી પેઢીમાં આરોપી હિમાંશુભાઈને ૨૫% ભાગીદાર બનાવી વર્કિંગ પાર્ટનર તરીકે ધંધામાં ભેળવેલ અને આ રીતે ભાગીદારી શરૂ કરેલ અને આરોપી અને ફરિયાદીએ બંનેએ મળી ધંધો વિકસાવેલ અને રાજકોટ મુકામે આરોપીના હસ્તક બે જગ્યાએ અલગ અલગ ગોડાઉનો પણ રાખેલ અને ફરિયાદી એ ફૂટવેરના ધંધા નો માલ ખરીદ કરી ગોડાઉનમાં રાખેલ જેમાં ફરિયાદીએ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ચોવીસ લાખ પુરા નો માલ નાખેલ અને આ રકમ ફરીયાદી એ પોતાની ખેતીની જમીન ની ઉપજ નીપજમાંથી રોકાણ કરેલ. પરંતુ આરોપીએ ફરિયાદી પ્રત્યે કોઈ ઈમાનદારી રાખેલ નહીં અને ભાગીદારીના ધંધામાંથી અલગ ધંધો તારવવા પ્રયત્ન કરતા ફરિયાદીને શંકા જતા આ બાબતે આરોપીને પૂછપરછ કરતા આરોપીએ તારીખ ૦૭/૧૦/૨૦૧૫ ના રોજ બાહેંધરી ખત લખી આપી ફરિયાદીની મૂડી રૂપિયા ચોવીસ લાખ તથા અન્ય મૂડી પચાસેક લાખ જેવી જે ફરિયાદી એ રોકેલ તેની સંપૂર્ણ જવાબદારી પોતે સ્વીકારી અને હિસાબી ચોપડા પણ પોતાના કબ્જામાં રાખેલ. ત્યાર-બાદ આરોપીએ ફરિયાદીને ભાગીદારી છૂટી થયાનો દસ્તાવેજ રાજકોટ મુકામેથી તૈયાર કરાવી પોતાની સહી કરી ફરિયાદીને સહી કરવા માટે દસ્તાવેજ મોકલેલ. જેથી ફરિયાદીને ખૂબ જ આઘાત લાગેલ અને ફરિયાદીએ આરોપીને રૂબરૂ મળી તમામ વ્યવહારોનો નિકાલ કરવા જણાવતા આરોપીએ ગોડાઉન વાળા ફૂટવેરના બધા હિસાબો પંકજ ફૂટવેર એટલે કે પોતાના ભાઈ સાથેની ભાગીદારીના ધંધામાં ટ્રાન્સફર કરી નાખેલ અને ફરિયાદીની મૂડી પરત કરવા માટે રૂપિયા ચોવીસ લાખનો તારીખ ૨૨/૦૫/૨૦૧૭ ના રોજ વટાવાય તે રીતનો એસ.બી.આઈ. રાજકોટનો ચેક ફરિયાદીને આપેલ અને બીજો ચેક રૂપિયા પચાસ લાખ સતાવન હજાર આઠસો પચાસ પુરાનો આપેલ જે ચેક ફરિયાદીએ વટાવવા માટે બેન્ક ઓફ બરોડા ધોરાજી શાખામાં પોતાના ખાતામાં નાખતા ચેક વગર વટાવવા એ સ્ટોપ પેમેન્ટના શેરા સાથે ફરીયાદી ને પરત મળેલ જેથી ફરિયાદીએ આરોપી હિમાંશુ કાંતિલાલ ઠેસીયાને પોતાના વકીલ મારફત નોટિસ મોકલેલ પરંતુ આરોપીએ નોટિસ મુજબ અમલવારી નહીં કરી નોટિસનો ઉડાવ જવાબ મોકલાવેલ જેથી નટવરભાઈ ઠેસીયાએ ધોરાજી ચીફ કોર્ટમાં હિમાંશુ કાંતિલાલ વિરુદ્ધ ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે ફરિયાદ દાખલ કરેલ જે ફરિયાદમાં ફરિયાદીનો પુરાવો તથા મૌખિક દલીલો તેમજ ઉચ્ચ અદાલતો ના સિદ્ધાંતો ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ જે તમામ ધ્યાને લઈ આરોપી હિમાંશુ કાંતિલાલ ઠેસીયાને ચીફ કોર્ટના ન્યાયમૂર્તિ એસ. ડબલ્યુ, વાઘ તારીખ ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ તકસીરવાન ઠરાવી એક વર્ષ અને છ માસની સજા તથા ચેક ની રકમ રૂ.૨૪,૦૦,૦૦૦/- ફરિયાદીને વળતર પેટે ચૂકવવા અને ન ચુકવે તો વધુ છ માસની સજા તથા રૂપિયા પાંચ હજાર દંડ પેટે કોર્ટમાં જમા કરાવવાનો આદેશ ફરમાવેલ છે.

આ કેસમાં ફરીયાદી નટવરલાલ પરબતભાઈ ઠેસીયા વતી ધોરાજીના એડવોકેટ ચંદુલાલ એસ. પટેલ તથા નયન આર. રંગોલીયા તથા ટીંકુબેન આર. પટેલ રોકાયેલા હતા.

# ઉનાના નવાબંદર ગામે પોલિયો રસીકરણના ટીપા પીવડાવતા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હરિભાઈ સોલંકી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય મા પોલિયો નાબૂદી અભિયાન ના ભાગ રૂપે ૦થી૫ વર્ષ ના બાળકો ને બે ટીપા પીવડાવી દરકાર લીધી હતી જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા-ગીર સોમનાથ આયોજીત આ અભિયાન ઉના તાલુકાના દરીયા કિનારે આવેલા નવાબંદર ખાતે તાલુકા હેલ્થ ઓફિસ ઉના દ્વારા જીલ્લા પંચાયત ગીર સોમનાથ ના પ્રથમ પૂર્વ પ્રમુખ હરીભાઇ સોલંકી ના વરદહસ્તે પ્રારંભકરાવી ઉના તાબા હેઠળ ના સેન્ટર ખાતે પ્રથમ દિવસે નાના બાળકો ને બે ટીપાં પોલીયો ના પીવડાવ્યા હતાં આ તકે નવાબંદર આરોગ્ય વિભાગ ના સ્ટાફ અને ફીલ વર્કર તેમજ આંગણવાડી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોધીકા તાલુકાના ખીરસરા ગામે ખનીજ માફીયાઓ બન્યા બેફામ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના ખીરસરા ગામના રે.સ.નં. ૪૧૨ પૈકીની સરકારી જમીનમાં ચિત્રકુટ સ્ટોન ક્રશર પ્લાન્ટની લીઝ મંજુર કરવામાં આવેલ છે જે જગ્યાએ લીઝ મંજુર કરવામાં આવેલ છે તેની વિરૂધ્ધ જગ્યામાં ક્રશર પ્લાન્ટ, ખાણકામ, બ્લાસ્ટીંગ તેમજ બાંધકામ સને-૨૦૦૦ ની સાલથી સરકારી ખરાબામાં ઉભુ કરી ચલાવવામાં આવે છે જેને બંધ કરવા ખાણ ખનીજ શાખામાં જાગૃત નાગરીક દ્વારા અરજીઓ કરવામાં આવેલ હતી. તે અરજીના અનુસંધાને ખાણ ખનીજ વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી ત્યારબાદ આ બેફામ ચાલતી ખનીજ ચોરી સામે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશનો કરવામાં આવેલ હતી. તે પીટીશન સંદર્ભે ગુજ.હાઈકોર્ટ દ્વારા ચિત્રકુટ સ્ટોન ક્રશર પ્લાન્ટને ફાળવવામાં આવેલ જગ્યા તથા તેના દ્વારા કરવામાં આવતા ખોદકામ, બ્લાસ્ટીંગ તથા માઈનીંગ કામ બાબતે ગુજ.હાઈકોર્ટ દ્વારા યોગ્ય તપાસ કરી દિન-૬૦ માં કાયદેસરના પગલા લેવા અંગે હુકમ કરવામાં આવેલ હતો. ગુજરાત હાઈકોર્ટ દ્વારા હુકમ કર્યા બાદ ખાણ ખનીજ વિભાગ દ્વારા સદરહું ગેરકાયદેસર થતા ખાણકામ તથા બ્લાસ્ટીંગ અંગે બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ અને ત્યારબાદ ખાણ ખનીજ વિભાગ દ્વારા ચિત્રકુટ સ્ટોન ક્રશરને ડી.આઈ.એલ.આર. દ્વારા માપણી કરવા પત્ર લખવામાં આવેલ હતો જે પત્ર અન્વયે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ડી.આઈ.એલ.આર.દ્વારા માપણી કરવામાં આવેલ હતી.

## સરકારી જગ્યામાં તંત્રની મીઠી નજર હેઠળ બેફામ ચાલતી ખનીજ ચોરી

જે માપણી થયા બાદ ડી.આઈ.એલ.આર. દ્વારા તે અંગેની માપણીશીટ તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ તૈયાર કરવામાં આવેલ જે માપણીશીટમાં એવુ ખુલેલ કે ચિત્રકુટ સ્ટોન ક્રશર ના પ્રો.દિનેશભાઈ જે. કરંગીયા દ્વારા ક્રશર પ્લાન્ટ, ખોદવામાં આવેલ ખાણો, ઈલે. કનેકશન રૂમ, મકાન, વે-બ્રીજ તેમજ ઓરડીઓ રે.સ.નં. ૪૧૨ પૈકીની સરકારી ખરાબાની જમીનમાં આવેલ છે તેમ છતા તંત્રની મીઠી નજર તેઓ પર હોય આજદીન સુધી આ ચિત્રકુટ સ્ટોન ક્રશર બંધ કરાવવામાં આવેલ નથી કે તંત્ર ધ્વારા તેઓ વિરૂધ્ધ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ નથી જે જોતા તેવું જણાય આવે છે કે આ ચિત્રકુટ સ્ટોન ક્રશર તંત્રની મીઠી નજર હેઠળ ચાલતું હોય અને તેઓ ઉપર કોઈ મોટા માથાનો હાથ હોવાનું જણાય આવે છે.

આમ આ બધુ જોતા ખાણ ખનીજ વિભાગ અને ભુસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા આવા ગેરકાયદેસર બ્લાસ્ટીંગ અને માઈનીંગના કામોને પ્રોત્સાહન આપતા હોય તેમજ આ માઈનીંગ તથા બ્લાસ્ટીંગ તેઓની મીઠી નજર હેઠળ ચાલતુ હોવાનું જણાય આવે છે કેમ કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ હોવા છતા તેમજ તેઓ દ્વારા કરવામાં આવેલ માપણીશીટમાં પણ આ માઈનીંગ અને બ્લાસ્ટીંગ સરકારી જગ્યામાં ગેરકાયદેસર થતુ હોવાનું ખુલેલ હોવા છતા ખાણ ખનીજ વિભાગ દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી જેવુ સ્પષ્ટ પણે જણાય આવે છે.

આ ગેરકાયદેસર માઈનીંગ અને બ્લાસ્ટીંગ અંગે જાગૃત નાગરીક દ્વારા અરજીઓ કરવામાં આવેલ ત્યારબાદ આ ખાણ ખનીજ વિભાગ દ્વારા ફકત નોટીશો આપવામાં આવેલ તે સિવાય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી જે દર્શાવે છે કે ખીરસરા તથા અનેક સરકારી જગ્યામાં ચાલતા માઈનીંગ અને બ્લાસ્ટીંગના કામોમાં ખાણ ખનીજ વિભાગના અધિકારીઓનો હાથ હોવાની પુરે પુરી શકયતાઓ જણાય આવે છે અને જો આવા જાગૃત નાગરીકની અરજીઓ ઉપર તંત્ર કોઈ કાર્યવાહી ન કરે તો આવા ગેરકાયદેસર કામો અંગે કોઈ જાગૃત નાગરીક અવાજ ઉપાડે નહી અને આવા ગેરકાયદેસર કામોને પ્રોત્સાહન મળે તેવુ જણાય આવે છે. તેમજ સદરહું ગેરકાયદેસર ચિત્રકુટ સ્ટોન ક્રશર પ્લાન્ટ અંગે જો ખાણ ખનીજ વિભાગ દ્વારા કોઈ પગલા લેવામાં ન આવે તો તેઓ જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ પણ ગુજરાત હાઈકોર્ટના હુકમના અનાદર (કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ) અંગેની કાર્યવાહી કરશે તેવુ જાણવા મળેલ છે.

# શિતલ પાર્ક રોડ પર વાહનમાં ચોરખાનું બનાવી છુપાવેલો ૩૫ હજારનો દારૂ પકડાયો

### ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે ચાલકની અટકાયત કરી વાહન સહિત રૂ.૨.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો નિમિતે શહેરમાં કોઇ અનઇચ્છનીય બનાવ ન બને તે માટે શહેરના માર્ગો પર પોલીસનું સતત વાહન ચેકિંગ તેજ કરવામાં આવ્યું છે ત્યારે બુટલેગરો પણ વાહનોમાં ચોરખાના બનાવી શહેરમાં દારૂ ધુસાડતા હોવાનું સામે આવ્યું છે. ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે બાતમીના આધારે શિતલપાર્ક રોડ પર મહિન્દ્ર સ્વરાજ મજડા ગાડીમાં ચોરખાનામાંથી રૂ.૩૫ હજારની કિંમતનો દારૂ સાથે ચાલકને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સૂચનાથી એએસઆઇ જેન્તીભાઇ ગોહિલ, આર.એન.મીયાત્રા, હેડ કોન્સ. રાહુલભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, એક મહિન્દ્રા સ્વરાજ મજડા ગાડીમાં ચોરખાનું બનાવી દારૂનો જથ્થો લાવવામાં આવતો હોવાની હકિકતના આધારે પોલીસે એરપોર્ટની દિવાલ પાસે શિતલપાર્ક રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ગાડી નં. જીજે૩એટી૧૪૯૪ માં એક શખ્સ શિતલપાર્ક મેઇન રોડ પરથી નિકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા પોતે ગાડીના ચાલક મનસુખ કાનજી કબોડીયા (રહે. અક્ષરનગર મેઇન રોડ, ઓમ એપાર્ટમેન્ટ, ફલેટ નં.૧૦૨, ગાંધીગ્રામ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કેબીનમાં તપાસ કરતા ચોરખાનું મળી આવ્યું હતું. જેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૨૪ બોટલ કિંમત રૂ.૩૫૪૦૦નો જથ્થો મળી આવતા પોલીસે વાહન સહિત રૂ.૨.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલકની ધરપકડ કરી હતી.

# શેર માર્કેટમાં રોકાણ કરાવી વધુ નફો કમાવવાની લાલચમાં યુવાને ગુમાવ્યા ૨૫.૯૦ લાખ

### ભેજાબાજ શખ્સે બોગસ આઇડીમાંથી લીંક મોકલી કટકે કટકે નાણાં ટ્રાન્સફર કરાવ્યાઃ બી-ડિવિઝન પોલીસમાં ત્રણ બેંક ખાતાધારક વિરૂધ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવાળી પૂર્વે છેતરપીંડી અને વિશ્વાસધાત કર્યાની ફરીયાદો પોલીસ ચોપડે વધુ નોંધાઇ રહી છે ત્યારે સામાકાંઠે બી-ડિવિઝન પોલીસમાં વધુ એક ઠગાઇની ફરીયાદ નોંધાઇ છે. જેમાં યુવાને શેર માર્કેટમાં વધુ નફો કમાવવાની લાલચમાં રૂ.૨૫.૯૦ લાખ ગુમાવ્યાની ફરીયાદ નોંધાઇ છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એરપોર્ટ ફાટક પાસે જયગીત સોસાયટીમાં રહેતા અને માર્કેટ યાર્ડમાં વ્યવસાય કરતા જયશેન ગોવિંદભાઇ મહાબોધી (ઉ.વ.૩૫) નામના યુવાને બી-ડિવિઝન પોલીસમાં મોબાઇલ નંબર, એચડીએફસી બેંક ખાતા નંબર, બંધન બેંક ખાતા નંબર અને સાઉથ ઇન્ડિયન બેંક ખાતા નંબરના ધારકો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ઉપરોકત ભેજાબાજ શખ્સોએ ખોટા નામે ઠગાઇ કરવાના ઇરાદે ઇન્ટાગ્રામમાં યુવકને શેર માર્કેટમાં રોકાણ કરાવી વધુ નફો કરાવાની પોસ્ટ મુકી લીંક મોકલાવી હોય ત્યારે યુવાને લાલચમાં આવી આ લીંક પરથી આઇબીપીઆઇ નામની એપ ડાઉનલોડ કરી હોય ત્યારે ભેજાબાજ શખ્સોએ અલગ અલગ ખાતામાં કટકે કટકે રૂ.૨૫.૯૦ લાખ ટ્રાન્સફર કરાવી લઇ યુવક સાથે ઠગાઇ કરી હોવાની ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે બી-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસ.એસ.રાણેએ ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# શેરબજારમાં નફાની લાલચ આપી યુવકને ૧૬.૬૭ લાખ ધુંબો મારનાર ગેંગનો સાગ્રીત ગિરફતાર

### રોકાણના નામે ફેક એન્ડ્રોઈડ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી અલગ-અલગ ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી લીધી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોરબી રોડ ઉપર રહેતા રણજીત રૂડાભાઈ સોલંકી નામના યુવાનને શેર માર્કેટમા મોટો નફો આપવાની લાલચ આપી ફેક એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવી રોકાણના નામે અલગ-ખાતાઓમા અલગ રૂ.૧૬,૬૭,૦૦૦ જેટલી રકમ ટ્રાન્સફર કરાવી છેતરપીંડીના ગુન્હાના સંડોવાયેલ પૂણેના શખ્સને સાઈબર ક્રાઈમની ટીમે મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી લીધો છે

મળતી વિગતો મુજબ મોરબી રોડ ઉપર ગણેશ નગરમાં રહેતા રણજીત રૂડાભાઈ સોલંકીને શેર માર્કેટમા મોટો નફો આપવાની લાલચ આપી ફેક એન્ડ્રોઈડ એપ્લીકેશન ડાઉનલોડ કરવી રોકાણના નામે રૂ.૧૬.૬૭ લાખની છેતરપીંડી કરનાર ટોળકીના સભ્ય જેના એકાઉન્ટમાં ફોડની રૂ.૮.૧૪ લાખની રકમ ટ્રાન્સફર થઇ હતી તે મહારાષ્ટ્રના પૂણેના સેડવીક કોલોની, ડીઘી રોડ, સિધ્ધેશ્વર સ્કુલની પાછળ, રૂમ નં.૯માં રહેતા ગૌરવ નકુલભાઈ સોનવણે (ઉ.વ.૨૯)ને રાજકોટ સાઈબર ક્રાઈમની ટીમે ઝડપી લીધો હતો. ગૌરવે પોતાના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવી બેન્ક એકાઉન્ટનો સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં ઉપયોગ કરી ગુન્હો કરેલ છે જેને પૂણે, મહારાષ્ટ્ર ખાતેથી પકડી પાડવામાં આવેલ છે અને આરોપીએ ગુન્હામાં ઉપયોગ કરેલા બેન્ક એકાઉન્ટની તપાસ કરતા બેન્ક એકાઉન્ટ ઉપર અલગ અલગ નવ રાજ્યમાંથી સાયબર કમ્પ્લેઇન નોંધાયેલ હોવાની હકીકત જાણવા મળેલ છે.



આ છેતરપીંડીમાં સંડોવાયેલા ટોળકીના અન્ય સાગ્રીતો અંગેની માહિતી મેળવવા સાઇબર ક્રાઈમની ટીમે વિશેષ પુછપરછ શરૂ કરી છે. અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે ઓનલાઈન છેતરપીંડી કરતી આ ટોળકીએ શેરબજારમાં નફાની લાલચ આપી તેમજ ઉંચા વળતરની લાલચ આપી સોશિયલ મીડીયા મારફતે અનેક રોકાણકારોને શિસામાં ઉતાર્યા હોય ત્યારે આ ટોળકીએ છેતરપીંડીની રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવી હોય તેમાનું એક બેંક એકાઉન્ટ ગૌરવના નામનું હોય જેણે આ ફોડની ૮ લાખની રકમ જમા લઇ તેમા કમીશન મેળવ્યું હતું.

# પુનિતનગર ટાંકા પાસે યુવાને બાઈક સાઈડમાં લેવાનું કહેતા અજાણ્યા શખ્સનો હુમલો

### અન્ય બનાવમાં સસરાને જમાઈ સહિતનાં શખ્સોએ પાઈપ વડે માર માર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પુનિતનગર ટાંકા પાસે રસ્તામાં પડેલું બાઈક સાઈડમાં લેવાનું કહેતા યુવાન ઉપર અજાણ્યા શખ્સોએ ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા પુનિતનગરના ટાંકા પાસે ઝુંપડપટ્ટીમાં રહેતો દિનેશ દેવરાજભાઈ સાડમીયા નામનો ૩૦ વર્ષનો યુવાન ગેસ સિલિન્ડર ભરાવવા માટે જતો હતો ત્યારે રસ્તામાં આડુ પડેલું બુલેટ સાઈડમાં લેવાનું કહેતાં અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકનું સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બીજા બનાવમાં શિતળાધાર વિસ્તારમાં રહેતાં રાજેશ પ્રસાદ કૈવર નામના ૬૦ વર્ષના વૃધ્ધ રાત્રીના પોતાના ઘરે હતા ત્યારે જમાઈ જશુ સહિતના ત્રણ અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી પાઈપ વડે માર માર્યો હતો. વૃધ્ધને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોકત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાના પૂર્વ ટી પી ઓ સાગઠિયા ૫૦૨ દી' બાદ જેલમુકત

### સેશન્સ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ એમ ત્રણેય કોર્ટમાંથી જામીન મળી ગયાઃ જેલવાસ બાદ પહેલી દિવાળી પરિવાર સાથે ઉજવશે સાગઠિયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૨૫ મે-૨૦૨૪ના નાનામવા રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોનમાં બની હતી. અહીં લાગેલી ભયાનક આગમાં ૨૭ નિર્દોષ લોકો ભુંજાઈ ગયા બાદ ગેમઝોન સાથે સંકળાયેલા તેમજ ગેરકાયદેસર હોવા છતાં ગેમઝોન સામે કાર્યવાહી કરવામાં આંખમીચામણા કરનારા મહાપાલિકાના અધિકારીઓને પકડવામાં આવ્યા હતા. ગેમઝોન સામે કાર્યવાહી કરવામાં ટાઉન પ્લાનિંગ વિભાગની વરવી ભૂમિકા સામે આવતા એ સમયના ટાઉન પ્લાનિંગ ઓફિસર (ટીપીઓ) એમ.ડી.સાગઠિયાની ધરપકડ કરી તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. આ પછી તેમની સામે બોગસ મિનિટસ બુક તૈયાર કરવા તેમજ અપ્રમાણસર મિલકત વસાવવાના ગુના પણ દાખલ થયાના ૫૦૨ દિવસ સુધી જેલમાં રહ્યા બાદ આખરે સાગઠિયા જેલમુક્ત થયા હતા.



એમ.ડી.સાગઠિયા સામે સૌથી પહેલો ગુનો પોતાની ફરજ પ્રત્યે બેદરકારી રાખવાનો નોંધાયો હતો. આ ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે તેમની ધરપકડ કરી લાખો પાનાનું ચાર્જશીટ તૈયાર કર્યું હતું. આ ગુનામાં જામીન મેળવવા માટે સેશન્સ કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી સાગઠિયા લાંબા થયા બાદ આખરે સુપ્રીમ કોર્ટમાંથી તેમને આ ગુનામાં જામીન મળી ગયા હતા. આ પછી અન્ય એક ગુનો ક્રાઈમ બ્રાન્ચે સાગઠિયા સામે બોગસ મિનિટસ બુક તૈયાર કરવાનો નોંધ્યો હતો. સાગઠિયા તેમજ ટાઉન પ્લાનિંગ વિભાગના અન્ય અધિકારીઓ દ્વારા ગેમ ઝોન સામે કાર્યવાહી કરવામાં પોતે બચી જાય એટલા માટે બોગસ મિનિટસ બુક તૈયાર કરી હતી. આ કેસમાં સાગઠિયાને સેશન્સ કોર્ટ તરફથી જામીન મળી ગયા હતા. જ્યારે એસીબી દ્વારા સાગઠિયા સામે ૨૮ કરોડની બેનામી મિલકત વસાવવાનો ગુનો દાખલ કરાયા બાદ આ ગુનામાં જામીન મેળવવા માટે સાગઠિયાએ હાઈકોર્ટમાં અરજી કરતા આ ગુનામાં પણ તેમને જામીન મળી જતાં ત્રણેય ગુનામાં હાલ તેઓ જામીન પર મુક્ત થઈ ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાગઠિયાની ૩૦ મે ૨૦૨૪ના ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી લઈ આજ સુધી તેઓ ૫૦૨ દિવસ સુધી જેલમાં રહ્યા બાદ આખરે જેલમુક્તિ મળી હતી. સાગઠિયાએ ગત દિવાળી જેલમાં જ ઉજવી હતી જ્યારે આ વખતની દિવાળી તેઓ પરિવાર સાથે ઉજવશે.

સાગઠિયા ઉપરાંત અગાઉ તત્કાલિન ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર ઉપરાંત એટીપી જયદીપ ચૌધરી, મુકેશ મકવાણા, રાજેશ મકવાણા, ગૌતમ જોષી ઉપરાંત જમીન માલિક અશોકસિંહ જાડેજા સહિતનાને ગેમઝોન સંબંધિત ગુનામાં જામીન મળી ચૂક્યા છે.

# રાજકોટના રાજસમઢીયાળા ગામના શરતભંગ કેસમાં આસિસ્ટન્ટ કલેકટરનો હુકમ યોગ્ય ઠેરવતા કલેક્ટર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ભાવનગર હાઈવે ઉપર આવેલ દેશના આદર્શ ગામ એવા રાજસમઢિયાળામાં વર્ષ ૧૯૬૯માં ત્રણ અલગ અલગ આસામીઓને સાંથણીમાં ફાળવેલી જમીન પડતર રાખતા ૧૯૯૩માં શરતભંગ કેસ ચલાવી તમામ જમીન ખાલસા કરવા કરી સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો. જો કે, આ કેસમાં કિંમતી જમીન પરત મેળવવા અરજદારોએ જિલ્લા કલેકટર સમક્ષ ૩૨ વર્ષ બાદ રીવીઝન અપીલ દાખલ કરી જમીન પરત મેળવવા દાવો કરતા જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે ત્રણેષ આસામીઓની વિલંબ માફીની રીવીઝન અરજી ફગાવી દઈ શરતભંગ કેસમાં આસિસ્ટન્ટ કલેક્ટરનો હુકમ યોગ્ય ઠેરવ્યો હતો.

આ કેસની વિગત જોઈએ તો રાજકોટ તાલુકાના આદર્શ ગામ એવા રાજસમઢિયાળા ગામે જિલ્લા કલેકટર દ્વારા વર્ષ ૧૯૬૯માં બી.જી.કારિયાને ૮ એકર, વીરા દાનાને ૮ એકર તેમજ લીંબા કુબા ભરવાડને સાંથણીમા ચાર એકર જમીનની ફાળવણી કરી હતી. જો કે, સાથણીદારોએ આ જમીન સતત ખેડયા વગર પડતર રાખતા રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા શરતભંગના પગલાં ભરવા દરખાસ્ત કરતા આસિસ્ટન્ટ કલેકટર દ્વારા વર્ષ ૧૯૯૩માં સાંથણીમાં આપવામાં આવેલ જમીન પડતર રાખવામાં આવતા જમીન ખાલસા કરવા હુકમ કરી જમીન સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો.

જો કે, આસિસ્ટન્ટ કલેકટર રાજકોટના હુકમ સામે અત્યાર સુધી અપીલ નહીં કરનાર સાથણીદારના વારસદાર જીવીબેન લીં બાભાઈ ડાભી, દિનેશભાઈ લીંબાભાઈ ડાભી અને ચંદુભાઈ લીંબાભાઈ ડાભી દ્વારા ૩૨ વર્ષ બાદ રાજકોટ જિલ્લા કલેક્ટર સમક્ષ રીવીઝન અરજી કરતા રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા વિલંબ માફ અરજીમાં દલીલમાં જણાવેલ કારણો વ્યાજબી નહીં લાગતા રાજકોટ આસિસ્ટન્ટ કલેકટરનો હુકમ યોગ્ય ઠેરવી રીવીઝન અરજીને ફગાવી દીધી હતી.

# ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે દિવાળી પૂર્વે શહેરીજનો સાથે મીટીંગ યોજાઇ



શહેરમાં દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચનાથી ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની અધ્યક્ષતામાં એસીપી પૂર્વ બી.વી.જાદવ તથા ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયા સહિતના અધિકારીઓએ પોલીસ સ્ટેશન ખાતે આગામી દિપાવલી પર્વ નિમિતે વિસ્તારમાં આવેલ આંગણીયા પેઢીના માલિકો-સંચાલકો તથા સોની જવેલ્સની દુકાનોના માલિકો, સોસાયટીઓના પ્રમુખ અને અન્ય આગેવાનો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તહેવારોમાં રોકડની લેવડ દેવડ, સોના-ચાંદીની ખરીદી તથા અન્ય બાબતોનું તકેદારી પૂર્વક ધ્યાન રાખવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી.

# દાગીના ખરીદવાના બહાને સોની વેપારી સાથે રૂ.૩૧.૭૭ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા ગામે નચિકેતા હિલ્સ એપાર્ટમેન્ટમાં રહેતા અને પેલેસ રોડ પર આશાપુરા માતાજીના મંદિર સામે ટંકારાવાલા કોમ્પલેક્ષમાં દુકાનમાં સોનાના દાગીના બનાવી વેપાર કરતા કિશનભાઈ કનુભાઈ કાકડીયાએ સુરેન્દ્રનગરમાં ગીતાનગરમાં રહેતા હર્ષ દિપકભાઈ સીનોજીયા સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા.૨૬-૯ના રોજ તેના સુરત રહેતા મિત્ર ડેનીશ ગોધાણીએ ફોન કરી તેના મિત્ર દર્ષ સીનોજીયાને સોનાના દાગીના ખરીદવાની વાત કરી તેને મોકલ્યા હતા.

દુકાને આવી હર્ષે બે નેકલેશ લીધા હતા અને ઘેર બતાવી એકની ખરીદી કરી તેના પૈસા આપી દેવા અને એક નેકલેશ તમને પરત આપી દેવાની વાત કરી હતી. બીજે દિવસે પરત આવી ફાઈન સોનાની ૧૦૦ ગ્રામ સોનાનુ વધુ એક બિસ્કીટ ખરીધ્યુ હતુ જેના રૂ.૧૨.૦૭ લાખ તમને આપી દઈશ તેમ વાત કરી હતી અને પરત આવી વધુ એક સોનાનુ બિસ્કીટ લઈ ગયો હતો અને તમને કાલે પૈસા અને દાગીના આપી જઈને તમને બેંકમાં પૈસા ટ્રાન્સફર કરી આપશે ત્યાર બાદ તમને એક અઠવાડીયામાં તમારા રૂપીયા આપી દેવાની વાત કરી બહાના બતાવ્યા હતા અને ત્યાર બાદ ફોન બંધ કરી દેતા તેની સાથે છેતરપીંડી થયાની જાણ થતા તેને ફરીયાદ કરતા એડવીઝન પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

# સાગર સોસાયટીમાં પરણીતાનો ગળાફાંસો ખાઇ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કોઠારીયા મેઇન રોડ પર કેદારનાથ સોસાયટીના ગેઇટની અંદર ૪૦ ફૂટ રોડ પર આવેલ જીવનદિપ વિદ્યાલયની બાજુમાં સાગર સોસાયટીમાં રહેતી કોમલબેન કિશનભાઇ (ઉ.વ.૩૨) નામની પરણીતાએ કોઇ અગમય કારણોસર ગળાફાંસો ખાઇ લીધો હોવાની જાણ ૧૦૮ને કરવામાં આવતા ઇએમપી કિશનભાઇ મહેતા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઇ તપાસ કરતા મહિલાને જોઇ તપાસી બેભાન હાલતમાં મોત થયું હોવાની જાણ ભક્તિનગર પોલીસને કરવામાં આવતા હેડ કોન્સ. પ્રશાંતસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ દોડી જઇ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

# નવોઢાએ બાથરૂમના નળ સાથે ચુંદડી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### આપઘાતનું કારણ અકબંધ; આઠ મહિના પહેલાં જ લગ્નગ્રંથીથી જોડાયેલી પરિણીતાના મોતથી પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર યોગેશ્વર પાર્કમાં રહેતા પરિણીતાએ બાથરૂમમાં નળ સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ મામલે યુનિવર્સિટી પોલીસના સ્ટાફે કારણ અંગે તપાસ શરૂ કરી છે.

આ અંગેની વિગતો મુજબ, યોગેશ્વર પાર્કમાં રહેતા કૈલાશબેન કાળુભાઈ સોલંકી નામના ૨૮ વર્ષના પરિણીતાએ પોતાના ઘરે જ બાથરૂમમાં નળ સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ થતા જ તેમનાં પરીવારજનોને કૈલાશબેનને તુરંત બાથરૂમની બહાર કાઢી સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યા હતા. જયા ફરજ પરનાં ડો. કૃપાલી કોટડીયાએ કૈલાશબેનને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે હોસ્પીટલ ચોકીનાં સ્ટાફે એન્ટ્રી નોંધી યુનિવર્સીટી પોલીસ મથકમા જાણ કરી હતી. ત્યારબાદ કૈલાશબેનનાં મૃતદેહને પીએમ માટે ખસેડાતા તેમનુ ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતુ. કૈલાશબેનના પતિને પાનની દુકાન છે. તેમનું માવતર ઉના ખાતે છે. તેમજ તેમના લગ્ન આઠેક મહિના પહેલા જ થયા હતા. તેઓએ ક્યા કારણથી પગલું ભર્યું એ અંગે હાલ તપાસ ચાલી રહી છે. આ અંગે યુનિવર્સિટી પોલીસના પીએસઆઇ જે.એચ. ચાવડા અને સ્ટાફે કાગળો કર્યા હતા. સાસરીયાઓનો ત્રાસ હતો કે કેમ ? તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી હોવાનુ જાણવા મળી રહ્યુ છે.